" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue-293 | AD - 2025, Sravan Sud-03 | Sunday, Dt.27-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### યુએસ બિઝનેસ ઇન્ટેલિજન્સ કંપની 'મોર્નિંગ કન્સલ્ટ' દ્વારા સર્વેનો ડેટા બહાર પાડવામાં આવ્યો

# લોકશાહી દેશોના લોકપ્રિય નેતાઓની યાદીમાં નરેન્દ્ર મોદી અવ્વલ

**યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ છેક આઠમા ક્રમાંકે**

નવીદિલ્હી,તા.૨૬

વડાપ્રધાન મોદી દેશમાં ખૂબ લોકપ્રિય છે, હવે તેમની લોકપ્રિયતા સમગ્ર વિશ્વમાં ચરમસીમાએ છે. હકીકતમાં, તાજેતરના એક સર્વેમાં, પીએમ મોદી લોકશાહી દેશોના લોકપ્રિય નેતાઓની યાદીમાં પ્રથમ ક્રમે છે. સર્વેમાં, વડાપ્રધાન મોદીને ૭૫ ટકા રેટિંગ મળ્યું છે, જે સૌથી વધુ છે. યુએસ બિઝનેસ ઇન્ટેલિજન્સ કંપની 'મોર્નિંગ કન્સલ્ટ' દ્વારા સર્વેનો ડેટા બહાર પાડવામાં આવ્યો હતો.

સર્વેમાં ભાગ લેનારા ૭૫ ટકા લોકોએ કહ્યું કે પીએમ મોદી વિશ્વના સૌથી સ્વીકાર્ય નેતા છે. જ્યારે ૧૮ ટકા લોકોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. ૭ ટકા લોકોએ બિલકુલ મતદાન કર્યું ન હતું. લોકશાહી દેશોના લોકપ્રિય નેતાઓની યાદીમાં, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ બીજા સ્થાને છે, જેમને ૫૯ ટકા લોકોનું સમર્થન મળ્યું છે. આ દર્શાવે છે કે પીએમ મોદીને માત્ર સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા નથી પરંતુ તેમણે અન્ય નેતાઓને પણ સારા માર્જિનથી પાછળ છોડી દીધા છે. આ યાદીમાં, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આઠમા સ્થાને છે અને તેમનું એપ્રુવલ રેટિંગ ૪૫ ટકાથી ઓછું છે.



આ સર્વેમાં, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી ત્રીજા સ્થાને છે, જેમનું એપ્રુવલ રેટિંગ ૫૭ ટકા છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની ચોથા સ્થાને છે, જેમને ૫૬ ટકા લોકોનું સમર્થન મળ્યું છે. તેવી જ રીતે, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસ પાંચમા સ્થાને છે, અને મેક્સિકોના નેતા ક્લાઉડિયા શેનબૌમ છઠ્ઠા સ્થાને છે. આશ્ચર્યજનક વાત એ છે કે વિશ્વના સૌથી જૂના લોકશાહી દેશ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ યાદીમાં આઠમા સ્થાને છે અને ફક્ત ૪૪ ટકા લોકોએ તેમને સ્વીકાર્ય નેતા માન્યા છે જ્યારે ૫૦ ટકા લોકોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું છે. ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની પણ આ યાદીમાં ટોપ ટેનમાં છે અને તેમને ૧૦મા ક્રમે રાખવામાં આવ્યા છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ પણ પીએમ મોદીને સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદ કરવા અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં, ભાજપ નેતાએ લખ્યું છે કે એક અબજથી વધુ ભારતીયોના પ્રિય અને વિશ્વભરના લાખો લોકોના આદરને પાત્ર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર મોર્નિંગ કન્સલ્ટ ગ્લોબલ લીડર એપ્રુવલ ટ્રેકરમાં ટોચ પર છે. વિશ્વભરમાં સૌથી વધુ રેટિંગ ધરાવતા સૌથી વિશ્વસનીય નેતા. મજબૂત નેતૃત્વ, વૈશ્વિક સન્માન, ભારત સુરક્ષિત હાથમાં છે.

### ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો નવી દિશામાં આગળ વધી રહ્યા છે

# માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ ભારતને નજીકનું અને વિશ્વસનીય ભાગીદાર ગણાવ્યું

માલદીવ,તા.૨૬

ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો નવી દિશામાં આગળ વધી રહ્યા હોય તેવું લાગે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે બે દિવસની મુલાકાતે માલદીવ પહોંચ્યા હતા, જ્યાં માલદીવના વેલાના આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ કહ્યું, ભારત લાંબા સમયથી માલદીવનો સૌથી નજીકનો અને





સૌથી વિશ્વસનીય ભાગીદાર રહ્યો છે. અમારો સહયોગ સુરક્ષા અને વેપારથી લઈને આરોગ્યસંભાળ, શિક્ષણ અને તેનાથી આગળના વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જે આપણા નાગરિકોના રોજિંદા જીવનને અસર કરે છે. દરરોજ, સેંકડો માલદીવના લોકો તબીબી સારવાર, શિક્ષણ અને વ્યવસાય માટે ભારત આવે છે, જેમ આપણે આપણા અર્થતંત્ર અને સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપી રહેલા ભારતીય ડાયસ્પોરાને ઉષ્માભર્યું સ્વાગત કરીએ છીએ. મારી સરકારનું વિઝન સ્પષ્ટ છે, એક સ્થિતિસ્થાપક, સમાવિષ્ટ અને સ્વપ્રદ્રષ્ટા અર્થતંત્રનું નિર્માણ કરવું જે આપણા યુવાનોને સશક્ત બનાવવા, ડિજિટલ યુગમાં ખીલવા અને આપણા સહિયારા ક્ષેત્રમાં કાયમી શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગતિશીલ હોય. આ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં, ભારતની ભાગીદારી અમૂલ્ય છે. પીએમ મોદીએ શું કહ્યું? પીએમ મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ સંયુક્ત પત્રકાર પરિષદને પણ સંબોધિત કરી હતી.

### નક્સલીઓ પાસેથી એક એકે-૪૭ સહિત અનેક હથિયારો મળી આવ્યા

# ઝારખંડના ગુમલા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩ નક્સલવાદીઓ ઠાર

(એચ.એસ.એલ),ગુમલા,તા.૨૬

ઝારખંડના ગુમલા જિલ્લામાં શનિવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા. પોલીસે આ માહિતી આપી છે. પોલીસે જણાવ્યું કે માર્યા ગયેલા ત્રણેય નક્સલવાદીઓ જેજેએમપીના હતા. જેજેએમપી એ સીપીઆઈ (માઓવાદી) થી અલગ થયેલ જૂથ છે. તેમણે જણાવ્યું કે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ સવારે ઘાઘરા વિસ્તારમાં શરૂ થઈ. ઝારખંડ



પોલીસના ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન) માઈકલ એસ. રાજે જણાવ્યું કે ઓપરેશન હજુ પણ ચાલુ છે. નક્સલીઓ પાસેથી એક એકે-૪૭ સહિત અનેક હથિયારો મળી આવ્યા છે. પોલીસને આ જૂથની ગતિવિધિઓ વિશે ચોક્કસ માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

શનિવારની અથડામણ બોકારો જિલ્લામાં ફરી એક ભીષણ અથડામણના ૧૦ દિવસ પછી થઈ છે. ૧૬ જુલાઈના રોજ, ગોમિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિરહોડેરા જંગલમાં એક ઓપરેશન દરમિયાન ૫ લાખ રૂપિયાનો ઈનામી માઓવાદી માર્યો ગયો હતો. ઓપરેશન દરમિયાન સીઆરપીએફ જવાન પણ શહીદ થયો હતો. દુઃખની વાત એ છે કે, શરૂઆતમાં માઓવાદી સમજીને ફરાર થયેલા એક નાગરિકનું પણ ફાયરિંગમાં મોત થયું હતું. બોકારો એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા માઓવાદીની ઓળખ એક વરિષ્ઠ કેડર તરીકે થઈ હતી, અને તેના મૃત્યુને આ પ્રદેશમાં સક્રિય બળવાખોર સંગઠન માટે આંચકો માનવામાં આવી રહ્યો છે.

# ઈરાન પર થયેલા આતંકવાદી હુમલામાં ૮ લોકોના મોત

**આતંકવાદીઓએ કોર્ટ પર ગ્રેનેડ ફેંક્યો**

(એચ.એસ.એલ),તેહરાન,તા.૨૬

ઈરાનના દક્ષિણ-પૂર્વીય ક્ષેત્રમાં એક મોટા આતંકવાદી હુમલાની માહિતી સામે આવી રહી છે. આ હુમલો ન્યાયતંત્રની ઈમારત પર થયો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા, જેમાં પાંચ નાગરિકો અને ત્રણ હુમલાખોરોનો સમાવેશ થાય છે. ઈરાનના રાજ્ય મીડિયા દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

ન્યાયતંત્રના મિઝાન ઓનલાઈન પોર્ટલ અનુસાર, ''અજાણ્યા બંદૂકધારીઓએ દક્ષિણપૂર્વ સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતની રાજધાની ઝાહેદાનમાં ન્યાયતંત્ર કેન્દ્ર પર હુમલો કર્યો. આ દરમિયાન, આતંકવાદીઓએ કોર્ટ પર ગ્રેનેડ ફેંક્યો. આ આતંકવાદી હુમલામાં પાંચ લોકો માર્યા ગયા છે અને ૧૩ લોકો ઘાયલ થયા છે.'' તે જ સમયે, રાજ્ય સમાચાર એજન્સીએ હુમલા દરમિયાન ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો દાવો કર્યો છે.

ગલ્ફ ન્યૂઝે સિસ્તાન-બલુચિસ્તાનના ડેપ્યુટી પોલીસ



કમાન્ડર અલીરેઝા દાલીરીને ટાંકીને જણાવ્યું હતું કે હુમલાખોરો મુલાકાતીઓના વેશમાં કોર્ટ બિલ્ડિંગમાં પ્રવેશ્યા હતા અને ઈમારતની અંદર ગ્રેનેડ ફેંક્યો હતો. અહેવાલ મુજબ, ''આ આતંકવાદી હુમલામાં પાંચ લોકો માર્યા ગયા છે અને ૧૩ લોકો ઘાયલ થયા છે.'' જોકે, આ આંકડા પ્રાથમિક છે અને મૃત્યુઆંક વધી શકે છે. મૃતકોમાં એક શિશુ અને તેની માતાનો પણ સમાવેશ થાય છે. રાજ્ય સમાચાર એજન્સીએ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના પ્રાદેશિક કમાન્ડને ટાંકીને કહ્યું છે કે હુમલા દરમિયાન ત્રણ હુમલાખોરો માર્યા ગયા હતા.

ઈરાની મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે આ હુમલો જૈશ અલ-અદલ નામના બલુચ જેહાદી જૂથ દ્વારા કરવામાં આવ્યો હતો, જે ઈરાનમાં સક્રિય છે અને પાકિસ્તાનની સરહદ પાર સ્થિત છે. જેહેદાન શહેર પર હુમલો થયો હતો તે તેહરાનથી લગભગ ૧,૨૦૦ કિલોમીટર (૭૪૫ માઈલ) દક્ષિણપૂર્વમાં આવેલું છે.












એસએમસીના ડીઆજી નિર્લીપ્ત રાય સાથે મળી અમરેલી જિલ્લા પોલીસ વડાની પ્રશંસનીય કામગીરી

# અસમાજિક તત્વોએ પચાવી પાડેલી જમીન ખેડૂતને નામે થઈ

**ખેડૂતે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતનો આભાર માન્યો**

અમરેલી,તા.૨૬

અમરેલી પોલીસે એક ખેડૂતની ૧૦ વીઘા જમીન પરત અપાવી છે, જે એક માથાભારે શખ્સ દ્વારા પચાવી પાડવામાં આવી હતી. ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ, અમરેલીના ભૂતપૂર્વ પોલીસ અધિક્ષક નિર્લિપ્ત રાય દ્વારા હાલના પોલીસ અધિક્ષક સંજય ખરાતને એક મેસેજ મળ્યો. તેમાં ખેડૂત બાલાભાઈ જીવાભાઈ બાખલકીયાએ જણાવેલ હતું કે, "સાહેબ, મુન્નો રબારીકા અમને ખોટે-ખોટા હેરાન કરે છે. અમારી જમીન અમારે ખાતે નથી થવા દેતો. જો જમીન ખાતે કરવી હોય તો રૂ. ૫,૦૦,૦૦૦/- આપવા પડશે." આરોપી શીવરાજ ઉર્ફે મુન્નો રામકુભાઈ વીંછીયા, જે GUJCTOC હેઠળ આરોપી છે અને તેના પર ખૂન, ખંડણી, ધાક-ધમકી સહિત ૧૩ ગુનાઓ નોંધાયેલા છે, તે બાલાભાઈ અને જમીન વેચનાર રવજીભાઈને ધમકી આપીને પાંચ લાખ રૂપિયાની માંગણી કરી રહ્યો હતો. અમરેલી પોલીસે તાત્કાલિક ખેડૂતનો સંપર્ક કર્યો અને તેમને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. પોલીસે શીવરાજને કડક ભાષામાં સમજ આપી હતી. પોલીસે શિવરાજ સામે લાલઆંખ કરતા શિવરાજ વીંછીયા ઢીલો પડી ગયો હતો. આ પ્રકરણમાંથી દૂર હટી જતા ૩૦ વર્ષ પહેલાં વેચેલી ૧૦ વીઘા જમીનનો દસ્તાવેજ આખરે ખેડૂતના નામે થઈ શક્યો હતો. પોલીસની કાર્યવાહીથી ખેડૂતનો આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ હવે જમીનના આધારે ધિરાણ લઈ વિકાસ કરી શકશે. ખેડૂતે જણાવ્યું કે તેમને ન્યાય મળી ગયો હોવાથી ફરિયાદ નોંધાવવાની જરૂર નથી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમરેલી પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીને બિરદાવી છે.

# ચલાલા પ્રાથમિક શાળા ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી



ચલાલા,તા.૨૬

કારગિલ વિજય દિવસ નિમિત્તે ચલાલા પ્રાથમિક શાળા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કારગિલ વિજય દિવસ એ ભારતીયો માટે ગર્વનો દિવસ છે. ભારત-પાકિસ્તાન કારગિલ યુદ્ધ દરમિયાન, આપણા સૈનિકોએ ૨૬ જુલાઈ, ૧૯૯૯ ના રોજ કારગિલમાં વિજય મેળવ્યો હતો. આ દિવસને વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતું કે, ×કારગિલ વિજય દિવસ ભારતના યોદ્ધાઓ, સૈનિકોની બહાદુરી અને વીરતાને ઉજાગર કરે છે, જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણારૂપ રહેશે.

# શ્રાવણ માસના પ્રથમ દિવસે અંટાળિયા મહાદેવના આશીર્વાદ મેળવ્યા બાદ પ્રતાપ દુધાતનું સન્માન



અમરેલી,તા.૨૬

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે તેમની કાર્યકરની ટીમ સાથે અમરેલી જિલ્લાનું તીર્થસ્થાન અંટાળિયા મહાદેવના શ્રાવણ માસના પહેલા દિવસે આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે કૈલાસ મુક્તિ ધામ અમરેલીના ટ્રસ્ટીઓ વિપુલભાઈ બાંભણીયા, શીતલ આઈસ્ક્રીમના હકુભાઈ ભૂવા તેમજ અંટાળિયા મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ વિઠ્ઠલભાઈ માંદળીયા દ્વારા પ્રતાપભાઈ દુધાતનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમણે કૈલાસ મુક્તિ ધામ-અમરેલીના આગેવાનો સાથે પણ મુલાકાત કરી હતી.

આ તકે ખોડાભાઈ માલવિયા, નિતિનભાઈ ત્રિવેદી, જગ્ગાભાઈ દેવળીયા તેમજ માદલીયાભાઈ વગેરે હાજર રહ્યા હતા.

# ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો



અમરેલી,તા.૨૬

અમદાવાદમાં ૬૧મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ સ્પર્ધાનું આયોજન થયું હતું. તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લામાંથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના (DLSS) ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો. જેમાં જેબલીયા દિવ્યરાજ, રાઠોડ અર્જુનસિંહ, ભાદણીયા મિલનએ મેડલ મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરી હતી. રાજપરા આકાશે ISSF કેટેગરીમાં શાળા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ, કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા.

# ગજેરા કેમ્પસની મહિલા ફાર્મસી કોલેજનું બી.ફાર્મ સેમ-૪નું ઝળહળતું પરિણામ



અમરેલી,તા.૨૬

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં યુનિવર્સિટી કક્ષાએ લેવાયેલી બી.ફાર્મ, સેમ.-૪ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. આ પરીક્ષામાં અમરેલીની જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત સી.વી. ગજેરા મહિલા ફાર્મસી કોલેજે યુનિવર્સિટી સ્તરે ટોપટેનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં બાંભણીયા મહેક સી. કોલેજ ફર્સ્ટ- ૮.૭ SPI, સોલંકી દીયા બી. કોલેજ સેકન્ડ - ૮.૬ SPI અને દેસાઈ આયુષી એસ. કોલેજ થર્ડ -૮.૬ SPI મેળવેલ છે. આ સફળતા મેળવવા બદલ શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી તમામ વિદ્યાર્થિનીઓ, રેન્કર અને સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# અમરેલી પત્રકાર એકતા પરિષદની મિટિંગ પ્રદેશ અધ્યક્ષની હાજરીમાં સર્કિટ હાઉસમાં મળી





અમરેલી,તા.૨૬

ગુજરાતમાં પત્રકાર એકતા સંગઠનનું સફળ અધિવેશન અને સૌથી વધુ પત્રકારોને ગિફ્ટ સાથે સન્માનિત કરનાર અમરેલી જિલ્લા પત્રકારોની મિટિંગ સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયા, પ્રદેશ આઈટી સેલના નીતિન ઘેલાણી, પ્રદેશ મહિલા વિંગ ઉપાધ્યક્ષ મીનાક્ષીબેન મોદીની હાજરીમાં જિલ્લાના હોદ્દેદારો, તાલુકાના પ્રમુખોની હાજરીમાં મળતા ખાસ વ્યક્તિઓના સન્માન સાથે પ્રદેશ સંગઠન મંત્રી ભીખુભાઈ વોરા અને જિલ્લા અધ્યક્ષના હસ્તે બાકી નિયુક્તિ પત્રો આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમનો પ્રારંભ જિલ્લા પત્રકાર એકતા પરિષદ પ્રમુખ સુરેશભાઈ દેસાઈના સ્વાગત પ્રવચન સાથે પ્રદેશ હોદ્દેદારોના સન્માન તેમજ સંગઠન દ્વારા જે પ્રશ્નો સરકારમાં રજૂ થયા છે તેની વિગતવાર ચર્ચા કરી દરેક પત્રકારોને સંગઠનના સભ્યપદનું ફોર્મ ભરવા તેમજ વહેલી તકે ઓળખ કાર્ડ આપવા પણ નિર્ણય કરાયો છે, આગામી કાર્યક્રમ રાજુલા અથવા અમરેલી યોજવા પણ ચર્ચા કરી હતી. આ તકે, અમરેલીના એક પરિવારનું ૧૪ લાખનું પર્સ મૂળ માલિકને પરત સોંપનાર કંડકટરને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ બગસરા સંગઠન અને સમાજસેવી દિલુભા વરુને પણ સન્માનિત કરાયા હતા.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે જિલ્લા કક્ષાની બેઝબોલ સ્પર્ધા યોજાઈ



સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલાના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે શનિવારે અમરેલી જિલ્લા બેઝબોલ સ્પર્ધા યોજાઈ હતી. આ તકે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ગુરુકુળના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, અમરેલી જિલ્લા રમત ગમત અધિકારી અને સિનિયર કોચ પૂનમબેન, અમરેલી જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ અને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક ગુજરાત રાજ્ય વ્યાયામ સંઘના પ્રમુખ પી. ડી. મિયાની, ભાજપ અગ્રણી રાજુભાઈ નાગ્રેચા, હસુભાઈ ચાવડા, જીવનભાઈ વેકરીયા, અમિતભાઈ પંડ્યા હાજર રહ્યા હતા. આ સાથે આજે ૨૬ જુલાઈએ કારગિલ વિજય દિવસ હોવાથી તે નિમિત્તે કાર્યક્રમમાં પધારેલા આર્મીમેન અશોકભાઈ દવેનું વિશેષ સન્માન સ્વામીજી અને ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલ હતું.

# સા.કુંડલાના થોરડી ગામે કારગિલ વિજય દિવસની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના થોરડી મુકામે આવેલ લોક વિદ્યામંદિર અને શ્રી નિવાસી અંધ વિદ્યાલય થોરડીમાં "વિજય દિવસ" નિમિત્તે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા વીર યોદ્ધાઓને યાદ કરી દીપ પ્રગટાવી શ્રદ્ધાસુમન અર્પણ કરી ગૌરવ દિવસની વાતો કરવામાં આવી હતી. સાથોસાથ રાજસ્થાનમાં એક સ્કૂલ બિલ્ડીંગ પડી જતા ૭ વિદ્યાર્થીઓના અવસાન થતાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમજ શાળામાં આજે શાળાકીય રમતોત્સવનું આયોજન થયું હતું જેમાં દોડ, કૂદ, ફેંક જેવી એથલેટિક તેમજ કબડ્ડી, ખોખો જેવી રમતોનું ખૂબ જ સારુ આયોજન થયું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી કાંતિભાઈ પરસાણા, મનોજભાઈ અગ્રાવત, હિતેષભાઈ દેસાઈ, અરવિંદભાઈ છોડવાડિયા તેમજ સંસ્થાના સૌ શિક્ષક ભાઈઓ-બહેનોના સહકાર અને માર્ગદર્શનથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.




# હોકી અમરેલીના ખેલાડી ભાઈ-બહેનો ચેન્નાઈ અને કાકીનાડા ખાતે રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે



અમરેલી,તા.૨૬

સુરતમાં યોજાયેલ ગુજરાત રાજય સબ જુનિયર ભાઈઓની સ્પર્ધામાં અને સબ જુનિયર બહેનોની સ્પર્ધામાં હોકી અમરેલીના ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમણે અમરેલી વિદ્યાસભા સંચાલિત ડી.એલ.એસ.એસ. માં હોકીની તાલીમ મેળવેલી છે. હોકી અમરેલીના ખેલાડીઓ કુલદીપ ભરતભાઈ બારૈયા તથા વિક્રમ ભાવસિંહ મોરી ગુજરાતની ટીમમાં પસંદગી પામીને ચેન્નાઈમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રમવા ગયેલ છે. આ ઉપરાંત હોકી અમરેલીની મહિલા ખેલાડીઓ- સૃષ્ટિ લગરભાઈ લાડુમોર, પૂર્વા કિશોરભાઈ આદ્રોજા અને જાન્વી ભરતભાઈ ભેડા કાકીનાડામાં યોજાનારી રાષ્ટ્રિય સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓગસ્ટમાં જશે. હોકી અમરેલીના પ્રમુખ જીતુભાઈ ડેર, સેક્રેટરી આઈ.પી. બારડ, ટ્રેઝરર બળદેવસિંહ ગોહીલ, વિદ્યાસભાના ડાયરેક્ટર પેથાણીભાઈ તથા કોચ-ટ્રેનર અને સિનિયર પ્લેયરોએ તેમને શુભેચ્છા પાઠવી છે.



**યુવતીએ હાયબ્રિડ ગાંજા બાબતે ધારાસભ્ય પુત્ર આનંદ કાકડીયાનું નામ આપતા રાજકારણમાં ખળભળાટ**

# મારી રાજકિય કારકિર્દી ખતમ કરવાનું કાવતરૂ કરવામાં આવ્યું : જે.વી. કાકડીયા

**યુવતી વિરૂધ્ધ ધારાસભ્ય પુત્રએ નિકોલ પોલીસ સ્ટેશનમાં અરજી આપી**

અમરેલી,તા.૨૬

છેલ્લાં ઘણા સમયથી ગુજરાતના રાજકારણમાં બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપ ભાખર અને ધારાસભ્ય જે.વી. કાકડીયાના પુત્ર સામે સુરતની એક યુવતીએ સણસણતો આક્ષેપ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. જો કે આ બાબતે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ આ તમામ આક્ષેપોને ફગાવી દીધા છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતું કે, મારો પુત્ર આનંદ આ યુવતીને ઓળખતો પણ નથી. તેમને કોઈપણ પ્રકારનું વ્યસન પણ નથી. યુવતીના માતા-પિતા મારા પુત્રની ઓફિસે ગયેલા તે વાત પણ ખોટી છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાએ વધુમાં જણાવ્યું હતું



કે, મારી રાજકિય કારકિર્દી ખતમ કરવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું છે. બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપ ભાખર પક્ષના આગેવાન હોવાથી પક્ષના કાર્યક્રમમાં મળવાનું થતું હોય છે. બાકી પ્રદિપ ભાખર શું કામ ધંધો કરે તેની કોઈપણ પ્રકારની અમોને જાણકારી ન હોવાનું ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી.કાકડીયાએ અંતમાં જણાવ્યું હતુ. જો કે પોતાની ઉપર થયેલા આક્ષેપ મામલે ધારાસભ્ય પુત્ર આનંદ કાકડીયાએ નિકોલ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. અરજીમાં જણાવ્યું છે કે, યુવતીએ મારી તથા મારા પરિવારની રાજકિય કારકિર્દીને નુકસાન કરવા માટે પોતાનું નિવેદન પ્રસારિત કરેલ છે. જેથી આ યુવતી અને તેના મળતીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી અરજીમાં માંગ કરવામાં આવી છે.

**નાનકડા એવા ગામમાં યુવાનથી માંડી વડીલો સુધી લોકો મોતને ભેટ્યા**

# ધારીના દલખાણીયા ગામે થોડા જ દિવસોમાં સાત લોકોના મોતથી અરેરાટી

ધારી, તા.૨૬

ધારી તાલુકાના દલખાણીયા ગામે યમરાજાએ જાણે મુકામ કર્યો હોય તેમ થોડા જ દિવસોમાં સાતથી આઠ લોકોના કરુણ મોત નિપજતા નાના એવા ગામમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. થોડા જ દિવસોમાં કુદરતી રીતે જ આ મૃત્યુ થયા હોવાથી લોકોમાં ગમગીનીનો માહોલ છવાયો છે જેમાં કેન્સર તેમજ હાર્ટ એટેકથી મોત થયા હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જ અમદાવાદ ખાતે સારવાર લઈ રહેલા અક્ષય પ્રવીણભાઈ સોહલીયા ઉંમર વર્ષ ૨૧ ને હાર્ટ એટેક આવતા તાત્કાલિક તેમના વતન દલખાણીયા ગામે લઈ આવવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થતાં આખા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. આમ, યમરાજાના મુકામથી નાનકડા એવા ગામમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

**તાજેતરમાં ૨૧ વર્ષીય અક્ષય સોહલીયાનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું**

# વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે થયેલ ડબલ મર્ડરના હત્યારાઓ હાથવેંતમાં

**ગ્રામજનોએ ડબલ મર્ડરના હત્યારાઓને પકડી પાડવા માંગ કરી હતી**

અમરેલી તા ૨૬

વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે થોડા દિવસો પહેલા એક વૃદ્ધ દંપતીની નિર્મમ હત્યા કરી દેવામાં આવી હતી. એક સાથે ડબલ મર્ડરની ઘટના બનતા અમરેલી જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામના ચકુભાઈ રાખોલીયા અને તેમના પત્ની કુવરબેનની હત્યા કરી નાખવામાં આવી હતી. ડબલ મર્ડરની ઘટના બનતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો અને ગ્રામજનોએ સુત્રોચ્ચાર સાથે વડીયાની બજારમાં રેલી યોજી હતી. હત્યારાઓને તાત્કાલિક પકડી પાડવા ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી હતી. જોકે ડબલ મર્ડરના હત્યારાઓ હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે.

# અમરેલી જિલ્લામાં યુરિયા ખાતરના પૂરતા જથ્થાની તાત્કાલિક ફાળવણી માટે મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય વિપુલકુમાર મગનભાઈ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને અમરેલી જિલ્લામાં યુરિયા ખાતરનો પૂરતો જથ્થો ખેડૂતોના હિતમાં તાત્કાલિક ફાળવવા બાબતે રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, અમરેલી જિલ્લામાં વરસાદ આધારિત ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા લોકો વસવાટ કરે છે. હાલમાં ખેડૂતો દ્વારા ચોમાસુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને વરસાદ પણ ખૂબ સારા પ્રમાણમાં થયો છે, જેથી હાલમાં ખેડૂતોને પાકની ફળદ્રુપતા માટે યુરિયા ખાતરની ખૂબ જ જરૂરિયાત છે. જોકે, બજારમાં યુરિયા ખાતરની ખૂબ જ તંગી પ્રવર્તી રહી છે. આ સ્થિતિને



કારણે ખેડૂતોના પાકોનો યોગ્ય વિકાસ નહીં થાય તો જગતના તાત એવા ખેડૂતને આખા વર્ષનું ઉત્પાદન ઓછું આવે જેના કારણે ખેડૂતને આર્થિક નુકસાન થાય તેમ છે. આથી, જગતના તાત ખેડૂતના હિતમાં તાત્કાલિક યુરિયા ખાતરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ફાળવવા વિનંતી સહ માંગણી કરવામાં આવી છે. આ પત્રની નકલ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પણ રવાના કરવામાં આવી છે.

# મંગળવારે શીતલ આઈસ્ક્રીમ પરિવાર દ્વારા નાગનાથ મંદિરે ધ્વજારોહણ

**સવારે ૮ વાગ્યે સમૂહ આરતીનું પણ આયોજન કરાયું**



અમરેલી,તા.૨૬

અમરેલીની વિખ્યાત શીતલ કંપની પરિવાર દ્વારા આગામી તા. ૨૯ને મંગળવારે સવારે ૭ કલાકે ભુવા પરિવાર દ્વારા નાગનાથ મંદિર ખાતે ધ્વજારોહણનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. ધ્વજારોહણ થયા બાદ સવારના ૮ કલાકે સમૂહ આરતી કરવામાં આવશે. હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોવાથી નાગનાથ મંદિરે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા શીતલ પરિવાર દ્વારા ભાવિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજુલાના દેવકા વિદ્યાપીઠમાં કલરકામ કરતાં યુવક પર હુમલો

**ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. વાળાએ વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૨૬

મૂળ અમદાવાદના અને હાલ દેવકા વિદ્યાપીઠમાં રહેતા તથા કલરકામ કરતાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે લાલજી નાગજી ઠાકુર (ઉ.વ.૩૬)એ રામભાઈ હમીરભાઈ વાવડીયા તથા દિપરસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ દેવકા વિદ્યાપીઠના રૂમમાં સુતા હતા. ત્યારે સામાવાળા રામભાઈ વાવડીયાએ પ્લાસ્ટિકની લાઈટફિટિંગ કરવાની પાઈપથી હાથપગમાં મુંઢમાર મારીને ગાળો આપી હતી. જ્યારે દિપરસિંહ ચૌહાણે ગાળો આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# હુડલીથી રામપરા જવાના રસ્તા ઉપર જાહેરમાં જુગાર રમતાં ૬ ઝડપાયા

ચલાલા, તા.૨૬

ચલાલાના હુડલીથી રામપરા જવાના રસ્તા ઉપર જાહેરમાં જુગાર રમતાં છ ઈસમો ઝડપાયા હતા. મહેશભાઈ દડુભાઈ ડાંગર, રઘુવીરભાઈ રામકુભાઈ માંજરીયા, પ્રેમજીભાઈ નાજાભાઈ રાઠોડ, પરશોત્તમભાઈ બાબુભાઈ બલદાણીયા, મહેશભાઈ બાલુભાઈ જેઠવા, સાજીદભાઈ દિલાવરભાઈ સૈયદ જુગાર રમતાં રોકડા ૩૪,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# નવા ચરખા ગામની સીમમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

ચલાલા, તા.૨૬

ચલાલાના નવા ચરખા ગામની સીમમાં માંજરીયાની કહેવાતી વાડી પાસે નદી કાંઠેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે દેશી દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો મળી કુલ ૧૪,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે ૧૯ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય છ મહિલા સહિત ૩૬ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# ક્રાંકચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે NCD કેમ્પ સંપન્ન: ગ્રામ્યજનોએ આરોગ્ય તપાસનો લાભ લીધો

અમરેલી,તા.૨૬

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચ ખાતે એન.સી.ડી. કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. વિપુલભાઈ એમ. દુધાત તથા તાલુકા પંચાયત સદસ્ય જયસુખભાઈ બી. સુરાણીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં અમરેલી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાહેબ, લીલીયા



તાલુકા હેલ્થ ઓફિસર તેમજ ક્રાંકચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર જય વાઘેલાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ચકાસણી કરવામાં આવી. કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદય રોગ અને કેન્સર જેવી નોન કોમ્યુનિકેબલ બીમારીઓની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ પોતાની આરોગ્યની ચકાસણી કરાવી. લાભાર્થીઓએ કેમ્પનો લાભ લઈને આરોગ્ય અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન પણ મેળવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પીયુષભાઈ ગોસાઈ, નિલેશ વેકરીયા, પ્રકાશભાઈ ગોહિલ, ભરત વિંઝુડા તથા સમગ્ર PHC ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં ૮૦ શિક્ષકોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા

અમરેલી,તા.૨૬

ગુજરાત રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓ માટેના નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત અમરેલી જિલ્લાના ૮૦ શિક્ષકોને અમરેલી ખાતે પણ નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નવી નિમણૂક મેળવનાર તમામ શિક્ષકોને ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શિક્ષકોને નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમમાં જિલ્લા



શિક્ષણાધિકારી એમ.બી.ગોહિલ, જિલ્લા ભરતી નોડલ આશિષભાઈ જોષી, રાષ્ટ્રીય શૈક્ષણિક માધ્યમિક સંઘ આચાર્ય ભરતભાઈ મૈત્રા સહિતના અધિકારી, સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી: શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા ૨૯મી જુલાઈએ ફ્રી નિદાન કેમ્પનું આયોજન

**તપાસ, સારવાર તથા દવા મફત આપવામાં આવશે**

અમરેલી,તા.૨૬

શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલના કમ્યુનિટી મેડિસિન ડિપાર્ટમેન્ટ અને શહેરી આરોગ્ય તાલીમ કેન્દ્ર દ્વારા એક ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તારીખ ૨૯-૭-૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી સર્વોદય દવાખાનું, વેરાઈ માતા મંદિર પાસે, જૈન દેરાસર ચોક, અમરેલી ખાતે યોજાશે. કેમ્પમાં સામાન્ય રોગો માટેની પ્રાથમિક સારવાર અને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલની તપાસ, સારવાર તથા દવા મફત આપવામાં આવશે.

# રાજુલાના ચાંચબંદર ગામે ધાર્મિક કાર્યક્રમને લઈ દારૂના વેચાણ પર પ્રતિબંધની માંગ

અમરેલી,તા.૨૬

રાજુલા તાલુકાના ચાંચબંદર ગામમાં આગામી ધાર્મિક કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ સાથે પીપાવાવ મરીન પોલીસને પત્ર લખવામાં આવ્યો છે. ગામના પૂર્વ સરપંચ અને ભાજપ કાર્યકર કાનજીભાઈ ચૌહાણે આ રજૂઆત કરી છે. ગામમાં ૨૭ જુલાઈથી ૩૦ જુલાઈ, સુધી રામમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા અને હવન યજ્ઞ, ત્યારબાદ ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞનું આયોજન છે. આ પવિત્ર દિવસો દરમિયાન દારૂનું વેચાણ અને સેવન સંપૂર્ણપણે બંધ રાખવા ગ્રામજનોએ અપીલ કરી છે. તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દારૂનો જથ્થો પકડ્યા બાદ સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. ગ્રામજનોએ દારૂના વેચાણ અને સેવન પર કડક કાર્યવાહીની માંગ કરી છે.

**દારૂનું વેચાણ અટકાવવા પીપાવાવ મરીન પોલીસને રજૂઆત**




# અમરેલી જિલ્લામાંથી ૨૯ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં ૧૨ જગ્યાએથી મળીને ૨૯ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. તેમાં ત્રણ મહિલાઓ પણ સામેલ હતી. અમરેલી શહેરમાંથી ત્રણ સહિત જિલ્લામાંથી ૧૧ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# શ્રાવણના પ્રારંભે શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓ દ્વારા શિવ આરાધના

**સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ સૌને શુભકામના પાઠવી**

અમરેલી,તા.૨૬

અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન શાળાના વિદ્યાર્થીઓએ શ્રાવણ માસના પ્રથમ દિને ભગવાન મહાદેવની આરાધના ખુબ જ ભક્તિભાવથી કરી હતી. વિદ્યાર્થીઓ-શિક્ષકો માટીના શિવલિંગની સ્થાપના કરી શ્રાવણ માસમાં દરરોજ સવારે આરતી- પૂજા કરી પોતાનો ભાવ વ્યક્ત કરે છે. ભુવનના વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને ઈશ્વર શ્રધ્ધાના



ગુણોનું નિર્માણ થાય અને ભારતીય સંસ્કૃતિના અમૂલ્ય વારસાથી જાણકાર બને તેવા હેતુથી તમામ તહેવારો ઉજવવામાં આવે છે. ભક્તિપૂર્ણ કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ સૌને શુભકામના પાઠવી હતી. સંસ્કાર સિંચન અને સંસ્કૃતિના જતન માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા.

# વડીયાના નાજાપુર ગામે કૌશિક વેકરીયાના હસ્તે સરકારી દવાખાનાનું લોકાર્પણ

વડીયા,તા.૨૬

વડીયા તાલુકાના નાજાપુર ગામે અંદાજે ૨૮ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી દવાખાનાનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને આરોગ્ય સેવાઓ પોતાના



ગામમાં જ મળી રહે તેવા હેતુથી ગુજરાત સરકાર દ્વારા દરેક ગામમાં લોકોને નજીકમાં જ અને ઝડપથી આરોગ્ય સારવાર મળી રહે તેવા હેતુસર આરોગ્ય સેવાઓ શરૂ કરવામાં આવી છે. આ લોકાર્પણ કાર્યક્રમમાં નાજાપુર ગામના લોકો અને ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, તાલુકા પંચાયતના પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઢુંમર, ગોપાલભાઈ અંટાળા, પી.વી.વસાણી, વસંતભાઈ સોરઠીયા, મનોજભાઈ હપાણી, તુષારભાઈ ગણાત્રા, કૌશિકભાઈ પાનસુરીયા, આરોગ્ય કેન્દ્રના ડોક્ટર, સ્ટાફ સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા પંચાયત દ્વારા આયુર્વેદ નિદાન, સારવાર અને ઉકાળાનું વિતરણ કરાયું

**કેમ્પમાં કુલ ૧૪૮ પ્રકારના ઉકાળાનું વિતરણ લાભાર્થીઓને કરાયું**

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખાના સહયોગથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાઢડા ખાતે NCD સ્ક્રીનિંગ અંતર્ગત સરકારી આયુર્વેદિક દવાખાના પીઠવડી



તસવીર : સૌરભ દોશી

દ્વારા આયુર્વેદ નિદાન, સારવાર કેમ્પ તથા ઉકાળા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૪૮ પ્રકારના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૭૯ લાભાર્થીઓએ આયુર્વેદિક નિદાન તથા સારવારનો લાભ લીધો. આ ઉપરાંત, સ્વસ્થવૃત્ત અને વિરુદ્ધ આહાર વિશે પોસ્ટર્સ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં પીઠવડી મેડિકલ ઓફિસર ડો. દેવેન્દ્ર ચૌહાણ તથા યોગ ઈન્સ્ટ્રક્ટર કિશનભાઈ જાનીએ મહત્વની સેવાઓ પૂરી પાડી હતી.

# ધારીના ડાભાળી ગામના ખેડૂત સાથે ૯ લાખની છેતરપિંડી

ધારી, તા.૨૬

ધારીના ડાભાળી ગામના ખેડૂતને જમીન નામે કરી આપવાની લાલચ આપીને ૯ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ અંગે પ્રફુલભાઈ ધીરૂભાઈ બાબરીયા (ઉ.વ.૫૦)એ ધારીના ગઢીયા ગામના ચાંપરાજભાઈ બાબુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમને સર્વે નં. ૩૭ પૈકી ૧૧ વાળી જમીનનું કુલ ક્ષેત્રફળ ૧-૬૧-૮૮ હેક્ટર ચોરસ મીટર જે કુલ ૬.૮૦ વીઘા જમીનનો દસ્તાવેજ કરી જમીન ફરિયાદીના નામે કરી આપવાની લાલચ આપી હતી. બાનાખત રૂપે રૂ.૯,૦૦,૦૦૦ મેળવી તેમને દસ્તાવેજ કરી આપ્યો નહોતો. તેમની સાથે રૂ.૯,૦૦,૦૦૦ની છેતરપિંડી કરી ગુનો કર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીની દામાણી હાઈસ્કૂલ ખાતે બીએસકે ટીમ દ્વારા બાળકોની આરોગ્ય તપાસણી કરાઈ

ધારી,તા.૨૬

ધારીમાં આવેલી જી.એન. દામાણી હાઈસ્કૂલના બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. હાઈસ્કૂલના તમામ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓના હિમોગ્લોબિન, વજન ઊંચાઈ બી.એમ.આઈ.ની ચકાસણી કરવામાં આવી હતી.

બાળકોને આરોગ્ય શિક્ષણ



આપવામાં આવ્યું હતું તેમજ જરૂરિયાતમંદ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી અને વધુ સારવારની જરૂર હોય તેવા બાળકોને રિફર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને ટીડીની રસી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને તદન વિનામૂલ્યે સારવાર કરવામાં આવે છે અને આ તપાસ દરમિયાન તેમના મેડિકલ ઓફિસર ડો. વરૂણ દેવમુરારી, ડો. ફેની ચંદારાણા તેમજ ફિમેલ હેલ્થવર્કર અવની ટીલાવત તેમજ શાળાના આચાર્ય માનસિંહ બારડ સહિત શૈક્ષણિક સ્ટાફ હાજર રહ્યો હતો.

# અમરેલીમાં સહજાનંદ શેરીમાં નીશાચરો ત્રાટક્યાં : સોનાના ઘરેણાની ચોરી

અમરેલી, તા. ૨૬

અમરેલીમાં સહજાનંદ શેરીમાં ચોર ઈસમો ત્રાટક્યા હતા અને સોનાના ૪.૨૫ લાખના ઘરેણાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે મહેશદાન હીમતદાન લીલા (ગઢવી)એ અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ચોર ઈસમે તેમના રહેણાંક મકાનમાં પ્રવેશ કરી કબાટના લોકરમાંથી તથા તિજોરી તોડી સોનાના પાટલા નંગ-૦૨ , સોનાના બે ચેન તથા સોનાના બે પેંડલ, સોનાના હારનો સેટ બુટી સાથેનો, સોનાના પાટલા નંગ-૦૨, વીંટીઓ નંગ ૦૩ મળી કુલ વજન આશરે સાડા બાર તોલા સોનાની જેની આશરે કુલ કિં.રૂ.૪,૨૫,૦૦૦ ના મુદ્દામાલની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી ગયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પ્રેમિકાએ પ્રેમી સાથે વાતચીત બંધ કરતાં કમરપટ્ટાથી માર માર્યો

**માથું ભટકાવી ઈજા પણ પહોંચાડી**

અમરેલી, તા. ૨૬

અમરેલીમાં રહેતી એક યુવતીને પ્રેમસંબંધમાં કમરપટ્ટાથી મારવામાં આવી હતી. ઉપરાંત માથું દિવાલ સાથે ભટકાવી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે મહેકબેન દિનેશભાઈ પરમારે મિલન દિલીપભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને આરોપી સાથે પ્રેમસંબંધ હતો.

જેની તેમના ઘરે ખબર પડી ગઈ હતી જેથી તેઓ પ્રેમી સાથે વાત કરતાં નહોતા. જેનો ખાર રાખી પ્રેમીએ તેમને રેલવે સ્ટેશન બોલાવી કમરપટ્ટા તથા તમાચા મારી આખા શરીરે માર માર્યો હતો. ઉપરાંત ઢસડી બાંકડા સાથે તેમનું માથું ભટકાવી માથામાં ઈજા કરી હતી અને જમણા હાથે છોલાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા બાયોડીઝલ કેસઃ વનરાજભાઈ વાળાની દલીલોથી ત્રણ નિર્દોષ છૂટ્યા

ખાંભા,તા.૨૬

ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આશરે ૩,૯૪૦ લિટર બાયોડીઝલના કેસમાં, ધારીના સિનિયર એડવોકેટ વનરાજભાઈ વાળાની ધારદાર દલીલોના આધારે ત્રણેય આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો ખાંભાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) જજ એમ.એ. મલેકે હુકમ કર્યો છે. આ કેસમાં કુલ રૂપિયા ૪,૫૫,૩૦૦/- નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ ગુનો ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. અરજણભાઈ દેવાભાઈ કોડીયાતર, જયવીરભાઈ ઉર્ફે જયુભાઈ ધાધલ અને દિલાવરભાઈ ચૌહાણની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બાયોડીઝલ ન હોવા છતાં તેને બાયોડીઝલ માનીને મુદ્દામાલ કબ્જે લીધો હતો.

# લીલીયાનાં પીપળવા ગામે આઈસર નીચે સુતેલા યુવક પર ટાયર ફરી વળતાં મોત

લીલીયા, તા.૨૬

લીલીયાના પીપળવા ગામના ઘુસાભાઈ લુણસીભાઈ બાખલકીયા (ઉ.વ.૫૫) એ ગમા પીપળીયા ગામના વિનુભાઈ જીણાભાઈ ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કૌટુંબીક ભાઈ આઈસર ગાડી નીચે સુતા હતા તે દરમિયાન આરોપીએ તેનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવ્યું હતું. જેથી મરણજનાર આઈસરના ડિપ્રેસન નીચે દબાઈ જતાં ગંભીર ઈજા થવાથી મોત થયું હતું.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એચ. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

**પીપળવા ગામના પુરુષે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૯૩ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૧૧ |
| જુવાર લાલ | ૬૫૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૯૨ |
| બાજરી | ૩૬ | ૩૯૦ |
| તુવેર | ૧૦૭૬ | ૧૩૧૫ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૦૯૧ | ૧૪૮૪ |
| મગ | ૧૩૦૧ | ૧૬૧૧ |
| વાલ દેશી | ૧૦૩૦ | ૧૨૪૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મઠ | ૧૧૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૦૧૧ |
| કળથી | ૫૪૦ | ૭૫૧ |
| રાજમા | ૯૧૧ | ૧૪૬૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૫૦ |
| તલી | ૧૪૪૦ | ૧૯૧૮ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| અજમો | ૯૪૦ | ૧૯૦૦ |
| સુવા | ૭૦૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૭ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૨૯૨૫ | ૩૯૭૯ |
| લસણ | ૫૨૬ | ૯૫૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૬૨ |
| ધાણી | ૧૩૨૫ | ૧૪૬૩ |
| વરીયાળી | ૯૭૫ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૬૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૫૦૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૨૫૪૦ | ૪૦૯૦ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૭૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૫૭૫૫ |
| ગુવારનું બી | ૮૭૦ | ૯૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦ | ૪૧૦ |
| પપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૦૦ |
| ટમેટા | ૬૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| કંટોળા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૫૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૫૫૦ | ૭૨૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૧૧૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૮૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૭૨ |
| શિંગ મોટી | ૭૩૫ | ૧૨૦૦ |
| શિંગદાણા | ૧૧૫૦ | ૧૫૦૬ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૦૨૫ |
| તલ કાળા | ૨૫૩૦ | ૪૧૮૦ |
| તલ કાશ્મીરી | ૧૬૬૦ | ૨૩૦૦ |
| બાજરો | ૩૭૧ | ૪૪૧ |
| જુવાર | ૩૧૨ | ૩૧૨ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૮ |
| મગ | ૧૩૦૦ | ૧૪૮૫ |
| અડદ | ૧૩૨૫ | ૧૪૦૮ |
| ચણા | ૮૫૦ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૧૨૦૫ |
| છોલે ચણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| તુવેર | ૯૫૦ | ૧૨૭૧ |
| કપાસ | ૮૯૮ | ૧૭૦૪ |
| એરંડા | ૯૯૦ | ૧૨૮૨ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૫૯૫ |
| ધાણા | ૮૦૫ | ૧૪૨૫ |
| અજમા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| મેથી | ૭૫૦ | ૯૧૯ |
| સોયાબીન | ૫૫૦ | ૮૨૭ |
| કાંગ | ૩૫૨ | ૫૭૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| રીંગણા | ૪૦ | ૧૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૮૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૯૦૦ | ૧૦૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૪૫૦ | ૫૦૦ |
| દૂધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૧૫૦૦ |
| લસપ સુકું | ૬૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૬૧ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૫૩૨ | ૫૮૮ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૦૮૧ |
| સિંગદાણા જાડા | ૧૧૯૧ | ૧૪૭૧ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૦૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૧૧ |
| ક્લંજી | ૩૦૦ | ૩૪૦૦ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૬ |
| લસણ સુકું | ૫૧૧ | ૧૦૪૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૮૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૧૧ |
| મઠ | ૬૧૧ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૩૨૧ |
| રાય | ૧૧૦૦ | ૧૪૩૧ |
| મેથી | ૮૧૧ | ૧૦૦૧ |
| કાંગ | ૫૦૧ | ૫૭૧ |
| સુરજમુખી | ૨૦૧ | ૫૦૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૧૪૧ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૨૧૧૧ |
| મગફળી નવી | ૫૫૧ | ૧૦૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૪૬ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૧૪૬ |
| બાજરો | ૨૫૧ | ૪૦૧ |
| જુવાર | ૫૦૧ | ૮૪૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૮૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૪૧ |
| ચણા | ૧૦૫૬ | ૧૨૧૧ |
| વાલ | ૬૫૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૪૯૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૧ |
| રજકાનું બી | ૩૩૯૧ | ૩૩૯૧ |
| કળથી | ૨૦૧ | ૯૯૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૩૧ |
| વટાણા | ૧૧૦૦ | ૨૩૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૧૬૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૬ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| મૂળા પુરા | ૪ | ૭ |
| ફોદીનો પુરા | ૩ | ૮ |
| પચકારુ | ૧૦૦ | ૨૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૮૦ | ૬૦૦ |
| વાલોર | ૪૮૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૩૮૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| જામફળ | ૫૦૦ | ૧૨૦૦ |
| દાડમ | ૪૦૦ | ૧૦૦૦ |
| સફરજન | ૧૬૦૦ | ૪૧૦૦ |
| ચીકુ | ૪૦૦ | ૮૦૦ |
| કેળા | ૪૨૦ | ૬૦૦ |
| સંતરા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કમલમ | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ગુલાબ | ૭૦૦ | ૧૮૦૦ |
| અનાનસ | ૬૦૦ | ૧૦૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૬૦૦ |
| દ્રાક્ષ | ૩૧૦૦ | ૩૫૦૦ |
| કીવી | ૪૪૦૦ | ૪૮૦૦ |
| આલુચા | ૮૦૦ | ૧૮૦૦ |
| ખારેક | ૬૦૦ | ૨૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૨૧ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૧૫૩૫ | ૧૭૮૫ |
| ઘઉં | ૪૭૧ | ૫૧૯ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૮૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૨ |
| ચણા | ૯૩૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૨૪૦ | ૧૯૨૦ |
| સોયાબીન | ૬૦૨ | ૮૦૫ |
| કાંગ | ૩૭૦ | ૩૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૨૭૫ | ૨૭૫ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૦૬૫ | ૧૧૦૦ |
| મગફળી | ૮૯૦ | ૮૯૦ |
| મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| શીંગફાડા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| **ધારી** | | |
| તલ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૮૬ | ૭૮૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૩૦૦ | ૧૨૭૧ |
| જુવાર | ૪૨૨ | ૭૧૩ |
| બાજરી | ૩૬૦ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૩૬૦ |
| મગ | ૧૫૧૬ | ૧૫૧૬ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૫ |
| તલ સફેદ | ૧૨૧૮ | ૧૯૧૧ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૯૪૫ |
| જીરૂ | ૩૫૪૫ | ૩૫૪૫ |
| ડુંગળી લાલ | ૮૯ | ૨૮૪ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૭૭ |
| નાળીયેર | ૫૦૪ | ૩૪૮૨ |
| **રાજુલા** | | |
| મગફળી | ૭૦૧ | ૭૦૧ |
| તલ | ૧૪૨૫ | ૨૦૦૧ |
| તલ કાળા | ૧૫૫૦ | ૩૬૮૦ |
| તલ પીળા | ૧૮૨૬ | ૧૮૨૬ |
| બાજરો | ૩૭૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૬ |
| જુવાર | ૫૦૦ | ૮૩૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૪૫ |
| શીંગ મોટી | ૧૦૮૦ | ૧૧૨૫ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૬૪ |
| તલકાળા | ૩૧૧૦ | ૪૦૬૦ |
| જીરૂ | --- | ૩૬૦૦ |
| કપાસ | ૧૪૧૦ | ૧૬૫૦ |
| ઘઉ લોકવન | ૪૪૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૨ |
| બાજરો | ૩૪૦ | ૪૮૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૯૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજીરુ૨૦ | ૯૦૦ | ૧૦૯૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૨૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૬ |
| રાઈ | ૧૨૫૦ | ૧૪૦૫ |
| જુવાર | ૫૩૦ | ૭૯૦ |
| ચોળી | ૮૦૦ | ૧૪૩૫ |
| અડદ | ૧૩૩૦ | ૧૫૦૧ |
| મગ | ૧૩૦૦ | ૧૭૮૮ |
| ચણા | ૧૧૩૫ | ૧૧૯૫ |
| સફેદ તલ | ૧૨૫૦ | ૧૮૪૮ |
| કાળા તલ | ૨૨૦૦ | ૪૦૦૯ |
| સોયાબીન | ૮૧૧ | ૮૫૬ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૫૮૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૬૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૭૬ |
| તુવેર | ૮૦૧ | ૧૩૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૦૧ |
| તલ સફેદ | ૯૦૧ | ૧૭૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૧ |
| શીંગદાણા | ૧૨૦૧ | ૧૩૭૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૦૦ | ૭૬૫ |
| બાજરો | ૩૦૫ | ૪૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૪ |
| મગ | ૧૧૦૦ | ૧૫૫૫ |
| અડદ | ૧૦૭૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૦૮૦ | ૧૬૪૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૬૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૦૫ |
| મગફળી જીણી | ૭૬૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૨ |
| તલ | ૧૫૦૦ | ૧૯૦૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૭૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૯૧ |
| લસણ | ૪૨૫ | ૮૭૦ |
| કપાસ | ૧૨૬૦ | ૧૬૫૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| અજમો | ૧૦૪૦ | ૨૬૨૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૪૫ |
| ડુંગળી નાસીક | ૨૨૫ | ૩૪૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |



## ન્યાયમૂર્તિ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવને કોંગ્રેસે કેમ ટેકો આપ્યો?

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર ત્યાગપત્ર આપ્યો. હવે અહેવાલોમાં જગદીપ ધનખડ પોતાનું ધાર્યું કરાવવા મથતા હતા તેની વાતો બહાર આવી રહી છે. જગદીપજી વિદેશ યાત્રાઓમાં જતા ત્યારે કયા વિમાનમાં જવું તેનાથી માંડીને હૉટલમાં કેવો સ્વીટ (રૂમ) હોવો જોઈએ તે બધી વાતોમાં તેમની બહુ જ અપેક્ષા હતી.

છેલ્લા ઘણા સમયથી તેઓ વિપક્ષના નેતા બની ગયા હતા, તેમ સરકારને લાગવા લાગ્યું હતું. તેમણે અરવિંદ કેજરીવાલ અને મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી હતી. ન્યાયમૂર્તિ યશવંત વર્માની સામે વિપક્ષના મહાભિયોગના પ્રસ્તાવને અનુમતિ આપીને તેમણે પોતાની વિદાય પાકી કરી દીધી હતી કારણકે સરકાર પણ પ્રસ્તાવ લાવવાની હતી પરંતુ સરકારની ગણતરી લોકસભામાં લાવવાની હતી. આમ, જગદીપ ધનખડ દરેક તબક્કે સરકારને બતાવતા હતા કે જે બાબત મારા અધિકારક્ષેત્રમાં છે તે બાબતે હું જ બૉસ છું. તેમણે એક જાહેર કાર્યક્રમમાં કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં મોદી સરકારે કંઈ નથી કર્યું તેમ કહ્યું તે કદાચ સરકાર માટે સૌથી મોટો આઘાતજનક પ્રહાર હતો.

સામાન્ય રીતે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ સરકારના એટલે કે જે પક્ષની સરકાર હોય તે પક્ષના નેતા જ હોય છે. આથી મોટાભાગે એવી જ અપેક્ષા હોય છે કે તેઓ સરકાર પક્ષે જ બોલશે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિને જોકે સરકાર સામે વાંધા પડ્યા હોય તેવો આ જગદીપજીનો પહેલો કિસ્સો નથી. જ્યારે-જ્યારે રાષ્ટ્રપતિ કરતાં વડાપ્રધાન વય અને અનુભવમાં નાના આવ્યા છે ત્યારે આ સંઘર્ષ સર્જાયો છે.

દા.ત. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને જવાહરલાલ નહેરુને શરૂઆતમાં ઊભા નહોતું બનતું તેવું થોડી અતિશયોક્તિ સાથે કહી શકાય. આનું કારણ એ છે કે કોંગ્રેસમાંથી સુભાષચંદ્ર બોઝ અને ગાંધીજીની વિદાય પછી બે મોટાં જૂથો હતાં- એક જવાહરલાલ નહેરુનું ડાબેરી જૂથ જે પાકિસ્તાન, ચીન અને સોવિયેત સંઘ તરફી હતું. બીજું, સરદાર પટેલનું જૂથ જે જમણેરી હતું, હિન્દુ આસ્થાવાળું હતું અને મૂડીવાદી વિચારસરણીનું હતું. એટલે પહેલા રાષ્ટ્રપતિ તરીકે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ચૂંટાયા તેમાં સરદાર પટેલનું ચાલ્યું હતું.

રાજેન્દ્રબાબુ અને નહેરુ વચ્ચે ખૂબ સંઘર્ષ થતો હતો, જેમ કે સોમનાથ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવમાં રાષ્ટ્રપતિએ ઉપસ્થિત ન રહેવું તેમ નહેરુએ જાહેરમાં કહ્યું હતું, પરંતુ હિન્દુ આસ્થાવાન એવા રાષ્ટ્રપતિ તેમાં ઉપસ્થિત રહ્યા હતા. આ જ રીતે સરદાર પટેલની અંતિમવિધિમાં રાષ્ટ્રપતિએ ન જવું જોઈએ તેમ વડાપ્રધાન નહેરુએ કહ્યું હતું ! એ સરદાર પટેલ જે ભારતને અખંડ અને એક કરવામાં તેમજ સ્વતંત્રતાની ચળવળમાં મોટો ભાગ ભજવી ગયા હતા. ગાંધીજી પછી સહુથી કોઈનું આદરપાત્ર નામ હોય તો તે સરદારનું હતું.

ચીન સામે ભારત યુદ્ધ હારી ગયું ત્યારે રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણને નહેરુ સરકારની જબરદસ્ત ટીકા કરી હતી. આ જ રીતે શીખ નેતા ઝૈલસિંહે કહ્યું હતું કે તેઓ ઈન્દિરા ગાંધી માટે સંજવારી (ઝાડુ) કાઢવા પણ તૈયાર છે. તે જ ઝૈલસિંહ પાસે ઈન્દિરા ગાંધીએ દિનાંક વગરનો ત્યાગપત્ર લખાવી રાખ્યો હતો કારણકે ઈન્દિરા ગાંધીના ચમચાઓને ભય હતો કે ઝૈલસિંહ કહ્યાગરા રાષ્ટ્રપતિ નહીં નિવડે, વિશેષ કરીને ખાલિસ્તાનનો મુદ્દો ભડક્યા પછી. યોજના એવી પણ હતી કે ઈ. સ. ૧૯૮૫માં ઈન્દિરાજી રાષ્ટ્રપતિ બની જાય અને રાજીવ ગાંધી વડાપ્રધાન.

સુવર્ણ મંદિરમાં ખાલિસ્તાની ત્રાસવાદી જર્નૈલસિંહ સામે ઑપરેશન બ્લુ સ્ટાર પછી ઝૈલસિંહના ઈન્દિરાજી સાથે સંબંધ ખૂબ બગડી ગયા હતા.

વડાપ્રધાન તરીકે અનુભવહીન રાજીવ ગાંધી આવ્યા ત્યારે બંને વચ્ચે ઉગ્ર મતભેદો થઈ ગયા હતા. ૧૯૮૪માં ઈન્દિરાજીની હત્યા પછી કોંગ્રેસના સંકેત પર શીખોના નરસંહાર અંગે રંગનાથ મિશ્ર આયોગ અને ઈન્દિરાજીની હત્યાની તપાસ અંગે રચાયેલા ઠક્કર પંચનો અહેવાલ તેમણે

> રાષ્ટ્રપતિએ કેન્દ્રીય પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તવાનું હોય છે તેમ બંધારણ અને સર્વોચ્ચ ન્યાયાલય કહે છે પરંતુ જગદીપ ધનખડ સુપર હેડ થવા ગયા, તેમાં તેમની વિદાય થઈ ગઈ. જોકે તેમણે જતાં પહેલાં ભ્રષ્ટાચારના દોષી ન્યાયમૂર્તિ યશવંત વર્મા સામે વિપક્ષોના મહાભિયોગના પ્રસ્તાવને સ્વીકારી દીધો અને સરકારને ફટકો મારી દીધો.

માગ્યો હતો પરંતુ રાજીવ ગાંધી સરકારે તે ઉપલબ્ધ કરાવ્યો નહોતો. બૉફૉર્સ કૌભાંડ બહાર આવ્યા પછી જેલસિંહે તે અંગેની ફાઈલો માગી હતી પરંતુ સરકારે તેમનો અનુરોધ ન સાંભળ્યા બરાબર કરી નાખ્યો હતો. લાલ ડેંગા સાથે મિઝોરમ સમજૂતી પર ઝૈલસિંહે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ન્યાયાધીશોની નિયુક્તિમાં અલગ માપદંડ અપનાવવા પર તેમણે સરકારની ટીકા કરી હતી. રાષ્ટ્રના નામે સંબોધનમાં એક મોટો ભાગ સરકારે કાપી નાખ્યો હતો તે અંગે તેમણે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

રાજીવ ગાંધી એક ભયજનક કાયદો લાવ્યા હતા. પ્રત્યેક ભારતીયના ઘરે આવતી ટપાલ ચકાસવાનો કાયદો હતો. આ પૉસ્ટલ કાયદાને ઝૈલસિંહે અટકાવી દીધો હતો. તેમણે તેની સામે લેખિતમાં પ્રશ્નો ઉઠાવ્યા હતા. પત્રકાર અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન અરુણ શૌરીના પુસ્તક 'ધ કમિશનર ફૉર લાસ્ટ કૉઝીઝ' મુજબ, રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અનેક મહિનાની વાર હતી ત્યાં કોંગ્રેસે આર. વેંકટરામણની જાહેરાત કરી દીધી. વી.પી. સિંહે પોતાના એક સાક્ષાત્કારમાં વરિષ્ઠ પત્રકાર રામબહાદુર રાયને (પુસ્તક : મંજિલ સે જ્યાદા સફર)માં કહ્યું હતું કે જ્ઞાની ઝૈલસિંહે તેમને પ્રસ્તાવ કર્યો હતો કે તેઓ વડાપ્રધાન બનવા તૈયાર થઈ જાય તો રાજીવ ગાંધી સરકારને તેઓ બરખાસ્ત કરી દેશે. વી.પી. સિંહ તેમને મળવા ગયા ત્યારે જ્ઞાની ઝૈલસિંહે તેમને કહ્યું કે "હું તમારી સાથે અહીં (રાષ્ટ્રપતિ ભવનમાં) વાત નહીં કરું, અહીં મારી જાસૂસી થાય છે.'' એમ કહી તેઓ તેમને બગીચામાં લઈ ગયા. અને ત્યાં ચાલતા-ચાલતાં તેમણે વી.પી. સિંહને વડાપ્રધાનનો પ્રસ્તાવ આપ્યો હતો. પરંતુ વી.પી.એ આ પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો.

ઝૈલસિંહ એક માત્ર રાષ્ટ્રપતિ હતા જેમના વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાનું કોંગ્રેસ સરકારે વિચાર્યું હતું.

પૉસ્ટલ કાયદામાં સુધારાને તો, ઝૈલસિંહ પછી રાષ્ટ્રપતિ બનેલા આર. વેંકટરમણે પણ અનુમતિ નહોતી આપી. તેમણે તો રાજીવ ગાંધીને એટર્ની જનરલની સલાહ લેવાની સલાહ પણ આપી હતી. પછી રાજીવ ગાંધી મંત્રીમંડળે આ વિધેયકને પાછું રાષ્ટ્રપતિ સમક્ષ મોકલ્યું નહોતું.

રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માએ પણ નરસિંહરાવ સરકારે મોકલેલા બે અધ્યાદેશોને અનુમતિ નહોતી આપી. આવું રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે અને પ્રણવ મુખર્જીએ પણ કર્યું હતું.

કે.આર. નારાયણન દેશના પહેલા દલિત રાષ્ટ્રપતિ હતા. ઈ.સ. ૧૯૯૭માં કેન્દ્રમાં ઈન્દ્રકુમાર ગુજરાલની સામ્યવાદીઓ અને કોંગ્રેસના સમર્થનવાળી ત્રીજા મોરચાની સરકાર હતી. ગુજરાલ સરકારે ઉત્તર પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ભલામણ કરી તેને નારાયણને પાછી મોકલી દીધી હતી અર્થાત્ તે અંગે તેઓ સંમત નહોતા. આવું કરનાર તેઓ પહેલા રાષ્ટ્રપતિ હતા. ૨૫ સપ્ટેમ્બર ૧૯૯૮માં બિહારમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની અટલબિહારી વાજપેયી સરકારની ભલામણને પણ નારાયણનજીએ પાછી મોકલી દીધી હતી.

વિચાર વલોણું



જયવંત પંડ્યા

અત્યારે ઘણા ટીકાકારો એમ કહે છે કે જગદીપ ધનખડે સરકારની ચાપલુસી ન કરી એટલે તેમને વિદાય થવું પડ્યું. પરંતુ શું કોઈ રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિ સરકાર વિરોધી વલણ અપનાવે તે બંધારણીય રીતે યોગ્ય છે? ધનખડજી વિપક્ષના નેતાઓ સાથે નિકટતા કેળવી સરકાર વિરોધી વલણ અપનાવી રહ્યા હતા. કૃષિ બાબતે સરકારે કંઈ નથી કર્યું તેમ કહેતા હતા. અને બંધારણ એમ કહે છે કે રાષ્ટ્રપતિએ વડાપ્રધાનની અધ્યક્ષતાવાળા પ્રધાનમંડળની સલાહ અનુસાર જ કામ કરવાનું હોય છે.

સર્વોચ્ચ ન્યાયાલયે પણ રામજવાયા કપૂર વિ. પંજાબ રાજ્યના ઈ.સ. ૧૯૫૫ના કેસમાં એમ ઠરાવ્યું હતું કે ભારતીય બંધારણે બ્રિટનની પ્રણાલિ અપનાવી છે, આથી ખરી સત્તા કેન્દ્રીય પ્રધાનમંડળ પાસે છે. યુ.એન. રાવ વિ. ઈન્દિરા ગાંધીના ઈ.સ. ૧૯૭૧ અને શમશેરસિંહ વિરુદ્ધ પંજાબના ઈ.સ. ૧૯૭૫ના કેસમાં સર્વોચ્ચે ઠરાવ્યું હતું કે અનુચ્છેદ ૭૫ હેઠળ રાષ્ટ્રપતિએ શું કામ કરવું અને શું ન કરવું તેનું નિર્ધારણ વડાપ્રધાનની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળ કરશે. કટોકટી સમયે ઈન્દિરાજીએ બંધારણના અનુચ્છેદ ૭૪ (૧)માં ૪૨મો સુધારો કરીને સુનિશ્ચિત કરી દીધું કે રાષ્ટ્રપતિ તેમની સત્તાનો ઉપયોગ પ્રધાનમંડળની સલાહ મુજબ જ કરશે.

અર્થાત્ જો દેશના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપતિએ વડાપ્રધાન અને તેમના પ્રધાનોની સલાહ મુજબ કામ કરવાનું હોય તો ઉપરાષ્ટ્રપતિ પણ તેમાં આવી જ જાય. પરંતુ જગદીપ ધનખડે તેમ ન કર્યું. તેઓ સરકારની ઉપરવટ ગયા. સરકાર વિરુદ્ધ જનમત બને તેવું કાર્ય તેમણે કર્યું. પરંતુ ત્યાગપત્ર આપવા પહેલાં તેમનાં પત્નીએ જ કિઠાના ગામમાં આવેલા તેમના સાસરામાં ચિંતા વ્યક્ત કરી હતી કે જગદીપજીનું સ્વાસ્થ્ય સારું નથી રહેતું. ગત માર્ચમાં જગદીપજીના હૃદયની શસ્ત્રક્રિયા પણ થઈ હતી.

રાજકીય વર્તુળોમાં ચર્ચા મુજબ, જગદીપજીએ સરકાર વિરુદ્ધ વધુ જનમત બનાવવા ત્યાગપત્ર આપ્યો અને અચાનક આપ્યો. તેમને એમ હતું કે તેમને રોકી લેવામાં આવશે. પરંતુ તેમ ન થયું. એવું નથી કે કેન્દ્ર સરકારે તેમને મનાવવા પ્રયત્ન નહોતો કર્યો. 'ન્યૂઝ ૧૮'ના અહેવાલ મુજબ, ત્યાગપત્ર પહેલાં ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય પ્રધાન જે.પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાનો કિરણ રિજિજુ અને અર્જુન રામ મેઘવાલ તેમને મળ્યા હતા અને મહાભિયોગના પ્રસ્તાવમાં સત્તા પક્ષના સાંસદોના હસ્તાક્ષરને પણ સમાવી લેવા અને સરકારને વિશ્વાસમાં લેવા કહ્યું હતું પરંતુ ધનખડ ટસના મસ ન થયા. એટલે ત્યાગપત્ર આપ્યા પછી રાષ્ટ્રપતિએ તેનો સ્વીકાર કરી લીધો.

રિપબ્લિક ભારત પર ૨૩ જુલાઈએ ચર્ચા દરમિયાન અર્નબ ગોસ્વામીએ દાવો કર્યો હતો કે ત્યાગપત્ર પછી જગદીપ ધનખડે પહેલો ફૉન કોંગ્રેસના જયરામ રમેશને કર્યો હતો. જયરામ રમેશ સંસદમાં કોઈ મહત્ત્વના પદ પર નથી. તેમણે વડાપ્રધાન, સંસદીય બાબતોના પ્રધાન, વિપક્ષના નેતા વગેરેને ફૉન કર્યો હોત અથવા પોતાના આધ્યાત્મિક ગુરુ કે પત્નીને ફૉન કર્યો હોત તો પણ સમજાત. પરંતુ જયરામ રમેશને કેમ? અર્થાત્ જગદીપ ધનખડ કોંગ્રેસની સ્ક્રિપ્ટ પ્રમાણે ચાલી રહ્યા હતા.

અહીં એક પ્રશ્ન થાય કે ન્યાયમૂર્તિ યશવંત વર્માને હટાવવા માટે કોંગ્રેસ કેમ તૈયાર થઈ ગઈ? આનો ઉત્તર એ છે કે મોદી સરકાર ભ્રષ્ટાચાર વિરુદ્ધ મજબૂત રીતે કામ કરી રહી હતી. તેના દિનાંકવાર પ્રમાણે ઉદાહરણો જોઈએ તો-

૧. ૩ જુલાઈ- સોનિયા રાહુલે રૂ. ૨૦૦૦ કરોડની સંપત્તિ પચાવી પાડવા કાવતરું ઘડ્યું હતું- ઈડી ૨. ૪ જુલાઈ- ઈડીએ નકલી ફૉરેક્સ ટ્રેડિંગ પ્લેટફૉર્મ સામેના કેસમાં સ્પેનમાં રૂ. ૧૩૧ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી. ૩. ૯ જુલાઈ- ભારતીય કિસાન યુનિયનના ખેડૂત નેતાઓને ત્યાં ઈડીના દરોડા પડ્યા. ૪. ૧૦ જુલાઈ- આર્થિક અપરાધી મોનિકા કપૂરને ભારત લાવવામાં સીબીઆઈને સફળતા મળી. ૫. ૧૭ જુલાઈ- સોનિયા ગાંધીના જમાઈ રૉબર્ટ વાડ્રાની ૪૩ મિલકતો જપ્ત-ઈડીએ આરોપપત્ર પણ દાખલ કર્યું. ૬. ૧૮ જુલાઈ-છત્તીસગઢના દારૂ કૌભાંડમાં ઈડીએ પૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલના પુત્રની ધરપકડ કરી. ૭. ૧૯ જુલાઈ-ઈડીએ મેટા અને ગૂગલને ઑનલાઈન સટ્ટાને પ્રોત્સાહન માટે સમન્સ પાઠવ્યા. ૮. ૨૧ જુલાઈ- આંધ્ર પ્રદેશમાં દારૂ કૌભાંડમાં વાયએસઆર પક્ષના સાંસદની ધરપકડ. અને ૯. ૨૨ જુલાઈ-ઈડીએ રિલાયન્સ સમૂહ (રાગા કંપનીઓ)ના અનિલ અંબાણીના ૩૫ સ્થળોએ દરોડા પાડ્યા. ૧૦. ૨૨ જુલાઈ-આઈસીઆઈસીઆઈનાં પૂર્વ સીઈઓ ચંદા કોચર રૂ. ૬૪ કરોડની લાંચના કેસમાં દોષી ઠર્યા.

આમ, મોદી સરકાર ભ્રષ્ટાચાર વિરુદ્ધ મજબૂત લડાઈ લડતી દેખાતી હતી. અને આ વખતે ગાળિયો ગાંધી પરિવાર ફરતે મજબૂત કસાયો હતો કારણકે સંપત્તિ જપ્ત થઈ હતી. બીજી તરફ, ન્યાયાલયની વાત આવે છે ત્યારે મોદી સરકાર ઢીલી થઈ જાય છે. અગાઉ રવિશંકર પ્રસાદ હોય કે કિરણ રિજિજુ, જેમણે ન્યાયતંત્ર સામે બાથ ભીડવાનો પ્રયત્ન કર્યો તેમને વિદાય આપી દેવામાં આવી. સામા પક્ષે કોંગ્રેસના નેતાઓ વકીલ તરીકે હોય કે વિપક્ષમાં હોય ત્યારે ન્યાયતંત્ર બાબતે પોતાનું ધાર્યું કરાવી જાય છે. કપિલ સિબલ, અભિષેક મનુ સિંઘવી લાખો રૂપિયાની ફી લે છે અને વિપક્ષના નેતાઓથી માંડીને તિસ્તા સેતલવાડ સહિતના કેસોમાં પોતાનું ધાર્યું કરાવી ગયા છે.

મુખ્ય ન્યાયમૂર્તિ દીપક મિશ્ર અનેક મહત્ત્વના ચુકાદાઓ આપવાના હતા ત્યારે ચાર ન્યાયમૂર્તિઓએ સડક પર પત્રકાર પરિષદ કરી આક્ષેપ કર્યો હતો કે અનેક મહત્ત્વના કેસો મિશ્રજી પોતાની પાસે જ રાખે છે. તે વખતે તેનો દોરીસંચાર કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ કર્યો હોવાનું મનાતું હતું. એ પછી મુખ્ય ન્યાયમૂર્તિ બનેલા રંજન ગોગોઈ, ચંદ્રચૂડ વગેરેએ મહત્ત્વના કેસો પોતાની પાસે રાખી ચુકાદા આપ્યા જ છે.

ઈડીના સંદર્ભે ન્યાયતંત્રએ પણ તેની પાંખ કાતરવાના અનેક વાર પ્રયાસ કર્યા છે. સર્વોચ્ચ ન્યાયાલયે ૨૧ જુલાઈએ ઈડીને ચેતવી હતી કે રાજકીય લડાઈ લડવા ઈડીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. તો, ૨૪ જુલાઈએ ચેન્નાઈ ઉચ્ચ ન્યાયાલયે કહ્યું કે ઈડી સુપર કૉપ નથી. અર્થ સ્પષ્ટ છે કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઈડી બધાને ખૂંચે છે. યશવંત વર્માને સર્વોચ્ચની પેનલે દોષી ઠરાવ્યા છતાં, તેમને મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર. ગવઈ દૂર કરતા નથી. ઉલટું, તેમના કેસની સુનાવણીમાંથી ગવઈજી પોતે હટી જાય છે અને કપિલ સિબલ ભ્રષ્ટાચારના દોષી ન્યાયમૂર્તિ યશવંત વર્માની પડખે ઊભા રહી કહે છે કે સર્વોચ્ચે આપેલા ઈન હાઉસ (ઘરમેળે) રિપૉર્ટની કોઈ બંધારણીય ઉપયોગિતા નથી. પરંતુ કોંગ્રેસે યશવંત વર્માની સામે મહાભિયોગનો પ્રસ્તાવ સરકાર લાવે તે પહેલાં લાવી માસ્ટરસ્ટ્રૉક મારી દીધો. જગદીપ ધનખડજીએ તેને સ્વીકારી લીધો. દર સમયે માસ્ટરસ્ટ્રૉક મોદી સરકાર જ મારે તેવું નથી હોતું. ■

jaywant.pandya@gmail.com

## ભાષા – બોલવાની, રડવાની, મૌન રહેવાની, ગાળો બોલવાની અને રાજકારણની....

હિન્દુસ્તાનમાં હમણાં હમણાં મૂળિયા વિનાની તત્કાલ રાજનીતિ ઉદ્ભવવી સામાન્ય બાબત બની ગઈ છે. કોઈ મુદ્દો ઉછાળીને, કોઈને ગાળો આપીને કે કોઈ બેહૂદી હરકત કરીને સોશ્યલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં છવાઈ જતી ટૂંકાગાળાની રાજનીતિનું પ્રમાણ સવિશેષ થઈ પડ્યું છે. સોશ્યલ મીડિયાના પ્રચાર પ્રસારે એક વર્ગમાં એવો ભ્રમ ફેલાવી દીધો છે કે આગેવાન થવું સહેલું છે. સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર મળતા રિસ્પોન્સને ઈવીએમ સુધીનો ટેકો સમજવાની ભૂલ ક્યારેય પણ કરવી હિતાવહ નથી. ભૂતકાળમાં ઘણી વખત બન્યું છે કે જેની ચૂંટણીપ્રચાર દરમિયાનની જાહેરસભાઓ છલોછલ ગઈ છે, એમના ઈવીએમ ખાલી નીકળ્યા છે. જેમની પાસે કોઈ રાજનીતિક આધાર, અનુભવ કે પ્રજા પીઠબળ નથી એવા લોકો જનતાના હામી હોવાનો દાવો કરતા થઈ ગયા છે. જેનું કોઈ પ્રકારનું જાહેરજીવન નથી, જનતા સાથે કોઈ જોડાણ નથી, પોતાની ઓફિસ કે ઘરની ચાર દીવાલ બહાર કોઈ મુદ્દે લડત આપી શકે તેમ નથી એવા લોકો પોતાની ઓફિસ કે ઘરમાં બેસીને લીડર હોવાનો ભ્રમ પાળતા થઈ ગયા છે. સવાલ માત્ર કોઈ મુદ્દાને લઈને ચમકી જવાનો હોય છે. મુદ્દાની ગંભીરતા અને પ્રસ્તુતિ અભિપ્રેત નથી હોતી. પ્રશ્ન કે સમસ્યાનો ઉકેલ લાવવાનો કોઈ ઈરાદો હોતો નથી. પ્રજાકલ્યાણની કોઈ ભાવના હોતી નથી. પોતાનું રાજકીય વજૂદ ટકી રહે એ એક માત્ર આશય હોય છે. પોતાની રાજનીતિને ગિયરઅપ કરવાનો ઉદ્દેશ માત્ર હોય છે.

નવી શિક્ષણનીતિ અંતર્ગત હિન્દીને ત્રીજી ભાષા તરીકે દાખલ કરવાની કેન્દ્ર સરકારની ભલામણ બાદ સૌ પ્રથમ તમિલનાડુમાં એનો વિરોધ થયો અને હવે ભારતના બે રાજ્યોમાંથી હમણાં હમણાં ભાષા વિવાદ વધુ વકર્યો છે. મહારાષ્ટ્ર અને બંગાળના નેતાઓને અચાનક મરાઠી અને બંગાળી ભાષાની અસ્મિતા અને ગૌરવ યાદ આવ્યા છે. આઝાદ ભારતમાં ભાષાવાર પ્રાંતોની રચના થઈ હોવા છતાં બે ભાષાની પ્રજા વચ્ચે ક્યારેય ભાષાને લઈને સંઘર્ષ જોવા મળ્યો નથી. ભારતમાં ભાષા લગભગ ક્યારેય લાંબો સામાજિક પ્રશ્ન રહ્યો નથી, માત્ર રાજકીય રહ્યો છે. ભારતની આમ જનતા દરેક ભાષા અને પ્રજાનું ગૌરવ કરે છે. નેતાઓ કે જેની કારકિર્દી અસ્તાચળ તરફ ઝડપભેર જઈ રહી છે, તેઓ ભાષાને હથિયાર બનાવીને સ્થાનિક પ્રજાને અન્ય ભાષા બોલતી પ્રજા સામે ઉશ્કેરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ શિવસેના અને મનસે જેવા પક્ષોના અસ્તિત્વ પર સવાલ ઉભા કરી દીધા છે. જેઓ પોતાને મહારાષ્ટ્રના અને મરાઠી પ્રજાના સાચા પ્રતિનિધિ ગણાવતા હતા, પ્રજાને તેમને ઉખેડી ફેંક્યા છે. મુંબઈ મહાનગરની ચૂંટણી આવી રહી છે. એમનો ટાર્ગેટ ગુજરાતી અને ઉત્તર ભારતીય વર્ગ છે જેણે મહારાષ્ટ્રને પોતાની કર્મભૂમિ બનાવી છે.

જેની ત્રીજી ચોથી પેઢી મુંબઈમાં જન્મી છે, જેણે તમારી જેમ જ પહેલો શ્વાસ મુંબઈની દરિયાઈ ભેજવાળી હવામાં લીધો છે, એ બધાને તમે ઉખાડી ફેંકશો ? અહી યુગાન્ડાનો કેસ યાદ કરવા જોગ છે. જ્યાં ઘણા બધા ગુજરાતીઓએ વસીને કારોબાર શરુ કર્યા હતા. એકાએક ઈદી અમીને બધાને દેશ છોડીને નીકળી જવાનું ફરમાન બહાર પાડ્યું, ગુજરાતીઓ પહેરેલ કપડે યુગાન્ડા છોડી ગયા. પરિણામ શું આવ્યું ? યુગાન્ડા જ્યાં હતું ત્યાં જ થંભી ગયું. જવાહરલાલ નહેરુએ ભારત વિભાજન વખતે કહ્યું હતું કે કોઈ પ્રજાને એક જગ્યાએથી મૂળ સમેત ઉખાડીને બીજી જગ્યાએ રોપી શકાતી નથી. જો એવું થાય છે તો પછી પાછળની ભૂગોળની સ્થિતિ યુગાન્ડા અથવા પાકિસ્તાન જેવી બની રહે છે.

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

હિન્દુસ્તાનમાં હિન્દી બોલવાથી કોઈને તકલીફ થાય એ ન સમજી શકાય તેવી વાત છે. દરઅસલ આ બાબતના મૂળ થોડા ઉંડા છે. કોંગ્રેસના પતન બાદ ભારતીય જનતા પક્ષ હવે ક્ષેત્રીય પક્ષોથી એમના ઘરઆંગણે જઈને મુકાબલો આદરી રહ્યો છે. આંધ્રપ્રદેશ અને ઓરિસ્સામાં એ સફળ પણ થયો છે. એટલે હવે જે સ્થાનિક પક્ષો રાજ્ય કક્ષાએ સત્તામાં છે કે સત્તાની નજીક છે અથવા એક વખત સત્તાનો સ્વાદ ચાખી ગયેલ છે તેઓ સચેત થઈ ગયા છે. એમની સામે સૌથી મોટો પડકાર હવે સ્થાનિક સ્તરે જનાધાર ટકાવી રાખવાનો છે. વર્ષોથી જે પ્રજા આંખો મીંચીને મત આપતી હતી એ પ્રજા હવે સવાલો પૂછતી થઈ ગઈ છે. સ્થાનિક સ્તરે રાષ્ટ્રીય મુદ્દાઓ લઈને તેઓ નીકળી શકે તેમ નથી, કારણકે એ એટલા કારગર નથી રહેતા. એટલે આવા સ્થાનિક પ્રજાને ઉશ્કેરવાના મુદ્દાઓ લઈને શેરીઓમાં ઉતરવું પડે એ સ્વાભાવિક છે. મહારાષ્ટ્રમાં શિવસેના અને મનસે જેવા પક્ષો, તમિલનાડુમાં ડીએમકે, બંગાળમાં તૃણમુલ, બિહારમાં આરજેડી અને ઉત્તરપ્રદેશમાં સપા જેવા પક્ષો સ્થાનિક સ્તરે આગામી સમયમાં પોતાના અસ્તિત્વ સામે ખતરો જોઈ રહ્યા છે. નીતિરીતિઓ એવી છે કે રાષ્ટ્રીય સ્તરે કાઠું કાઢી શકે તેમ નથી અને કોંગ્રેસ સાથે ગઠબંધનથી કોઈ ફાયદો થતો નથી એ સ્વાદ લગભગ બધા ક્ષેત્રીય પક્ષોએ ચાખી લીધો છે. એટલે હવે પોતાના બલબૂતા પર ક્ષેત્રીય સ્તર પર ટકી રહેવાનો પ્રયત્ન કરવાનો રહે છે. એ પ્રયત્નોમાં આવા સ્થાનિક મુદ્દાઓ સારા અસરકારક બની રહે છે.

ભાષા કોઈ રાજનેતા કે સાહિત્યકારોની દયા પર નથી નભતી. ભાષા પ્રજાની જીભ અને માનસ જીવશે છે. જેઓએ અંગ્રેજી જેવી વિદેશી ભાષા અપનાવી લીધી છે, તેઓ હિન્દી જેવી રાષ્ટ્રભાષાનો શા માટે વિરોધ કરે છે ? એ ભાષાનો વિરોધ નથી, એ ભાષા બોલતી પ્રજાનો વિરોધ છે. આ બધા આસાનીથી ધારી લઈ શકાય એ કક્ષાના સમીકરણો છે. આમાં રાજનેતાઓની કોઈ ઊંડી સૂઝબૂઝ કે કૂનેહ હોતી નથી. ટૂંકાગાળાની રાજનીતિઓ લાંબાગાળાના નુકસાન લઈને આવે છે. ભાષા બે પ્રજાને જોડી શકે છે અને ભાષાભેદ બે પ્રજા વચ્ચે ઊંડી ખાઈ નિર્માણ કરી શકે છે. નેતા પોતાનું પાંચ દશ કે પંદર વર્ષનું છીછરું રાજકારણ કરીને એક દિવસ મરી જવાનો છે. ભાષા કાયમી રહેવાની છે.

ક્વિક નોટ -- શું ઈતિહાસ એક નિયતિ છે ?ની થીયરી પર ફિલસૂફ ફેડરિક એંગલ્સે કહ્યું છે કે .... જો નેપોલિયન ન હોત તો તેના સ્થાને કોઈ બીજો માણસ આવ્યો હોત, ઈતિહાસને જયારે જેવા માણસની જરૂર પડે છે, ત્યારે ઈતિહાસને એ પ્રકારનો માણસ મળી જ રહે છે. ■

production@infiniumpharmachem.com

## વરસાદમાં ભજીયા જ કેમ વધારે ખવાય ?

હાસ્યાય નમ:



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) તમને નથી લાગતું કે આપણે મોબાઈલ ઉપવાસ કરવા જોઈએ?
રિયા પટેલ (રાજકોટ)
કરવા જોઈએ પણ એમાં ભાવતું ફરાળ કરવાની છૂટ હોવી જોઈએ!

(૨) માણસ કયા વારે સૌથી વધારે બીમાર થાય છે?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
વારેવારે.

(૩) છોકરાઓ 'ઉની ઉની રોટલી ને કારેલાનું શાક' એવું ગાતા હોવા છતાં ઘણી જગ્યાએ વરસાદ નથી આવતો એનું કારણ શું?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
વરસાદને કારેલાનું શાક નહી ભાવતું હોય.

(૪) અમે વેકેશનમાં ફરવા જવાનો પ્લાન બનાવીએ છીએ પણ એ સફળ થતો નથી તો શું કરવું?
જય દવે (ભાવનગર)
આ વખતે પેલા ફરી આવો. આવીને પ્લાન બનાવજો.

(૫) ઈન્જેક્શન આપ્યા પછી વિદેશમાં દર્દી નર્સને "થેન્ક્યુ" બોલે છે; અને આપણા ભારતમાં ?
કનુભાઈ પરમાર (દામનગર)
રૂનું પોતું કેટલો સમય દબાવી રાખવાનું?!

(૬) વરસાદમાં ભજીયા જ કેમ વધારે ખવાય ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ભૂંગળા હવાઈ જાય.

(૭) ગાંડા ભેગો ડાહ્યો ભળે તોય ગાંડો જ કેમ કહેવાય? બધાં ડાહ્યા કેમ નથી કહેવાતા ?
સૈયદ રાબિયા(બાબરા)
પણ એને ભળવા શું કામ દીધા?

(૮) સાહેબ..! છૂટાછેડાનું કારણ શું?
ધોરાજીયા ઘનશ્યામ એન.(સાજણટીંબા)
લગ્ન.

(૯) બધા જોક્સ સ્ત્રીઓ પર જ કેમ હોય છે પુરુષો પર કેમ નહી?
સંગીતાબેન ધોરાજીયા (આણંદ)
(પરણેલા)પુરુષને જોયા પછી એના પર જોક્સ કરવાની કોઈને ઈચ્છા જ નથી થતી!

(૧૦) આંગળીઓ બધી એક સરખી કેમ ના હોય..?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
સરખી હોત તો સ્કૂલમાં છોકરાંને રજા લેવા કઈ આંગળી ઊંચી કરવી એ પ્રશ્ન ઉભો થાત.

(૧૧) હમણાં ખાડા, ભાડા, જાડા, ઝાડા, હદ વટાવી ગયાં છે એનું કારણ શું ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
તમે તમારા નામમાં પહેલો અક્ષર ન રાખ્યો હોત તો આ બધામાં છેલ્લો અક્ષર સરખો ન આવત.

(૧૨) બ્રેક અપ એટલે શું?
રામભાઈ પટેલ (સુરત)
મોટાએ કરેલી ઈટ્ટાકિટ્ટા!

(૧૩) સાહેબ તમે વિદેશવાળા સાથે ચા, પાણી પીધેલ છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
એક વખત એક બિસ્કિટ પણ ખાધું હતું.. એ લોકો રાજી થયા બિચારા!

(૧૪) રામરાજ્યમાં કઈ-કઈ ભરપૂર સગવડો હતી?
બાલુભાઈ કિકાણી (લીલિયા મોટા)
તમામ પ્રકારની સગવડ હતી. બસ આવા પ્રશ્નો પૂછવાની સગવડ નહોતી.

(૧૫) ન્યૂઝમાં હતું કે ઉંદરો આઠસો બોટલ દારૂ પી ગયા. સાચું?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
સાચું જ હશે.. બીજા દિવસે કેટલીક બિલાડીઓ લથડિયા ખાતી હતી! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# હિમાલયની પુત્રી હોવાથી પાર્વતીમાં ત્રિલોકમાં દુર્લભ એવી શીતળતા છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

ભગવાન શિવ અજન્મા છે પરંતુ પાર્વતી તો પર્વતાધિરાજની પુત્રી છે. નગાધિરાજ હિમાલય એમના પિતા છે. ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્ય જીવનની પ્રસન્નતા માટે શિવ અને પાર્વતીના આશીર્વાદ આપવામાં આવે છે. નવદંપતીને કદી તમને રાધાકૃષ્ણ જેવું જીવન પ્રાપ્ત થાઓ કે તમને સીતારામ જેવું જીવન પ્રાપ્ત થાઓ એવા આશીર્વાદ આપવામાં આવતા નથી. શિવ અને પાર્વતીનું દાંપત્ય એટલું બધું પારસ્પરિક એકરૂપ છે કે એમના સહ અસ્તિત્વ માટે અર્ધનારીનટેશ્વરની કલ્પના કરવામાં આવી છે. પાર્વતી હિમાલયના પુત્રી છે, એટલે એમના સ્વભાવની શીતળતાની તુલાનાએ તો ત્રણેય લોકની કોઈ પણ સ્ત્રી ન આવી શકે. ભારતીય સંસ્કૃતિની એક આદર્શ માન્યતા છે કે સ્ત્રીનો સ્વભાવ શીતળ હોય તો દાંપત્ય જીવનમાં પ્રસન્નતા અને સુખ-સંપત્તિનો વરસાદ થાય છે. પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં સ્ત્રીઓનો સ્વભાવ ઉષ્ણ હોય છે.

પાર્વતીનો જન્મ હિમાલયના ખોળે થયો છે. હિમાલય એના પિતા હોવાથી સ્વાભાવિક રીતે જ એમનામાં શીતળતાના દિવ્ય ગુણો વસેલા છે. કામદેવને ભસ્મ કરવા માટે જ્યારે ભગવાન શંકરે ત્રીજું નેત્ર ખોલ્યું ત્યારે પાર્વતીજી શિવની સન્મુખ જ ઊભા હતા. ભગવાન શિવના ત્રીજા નેત્રમાંથી અગ્નિનો ધોધ પડતો હતો. જેમાં કામદેવ ભસ્મ થઈ ગયા અને એમની પત્ની રતિ વિલાપ કરવા લાગી. પરંતુ એ ઘટનાના સાક્ષી સ્વરૂપ પાર્વતી પર એની કોઈ અસર ન થઈ. કારણ કે હિમાલયમાંથી ઉમિયાનું ઘડતર થયેલું છે. છતાં કાલિદાસે કુમાર સમ્ભવમ્ કાવ્યમાં આ પ્રસંગનું વર્ણન કરતી વખતે લખ્યું છે કે પાર્વતી ન યયૌ ન તસ્થૌ... એટલે કે શિવનું ત્રીજું નેત્ર ખુલ્યા પછી પાર્વતી ઉભા પણ ન રહી શક્યા અને બેસી પણ ન શક્યા....! પાર્વતીની વ્યાકુળ અને અસમંજસ સ્થિતિ માટે કાલિદાસે આમ કહ્યું છે.

એ સિવાય કાલિદાસે કહ્યું છે કે ભગવાન શિવના દર્શન કરો તો સાક્ષાત શાંતરસ દેહ ધારણ કરીને બિરાજમાન હોય એવું લાગે. શિવનો સ્વભાવ મુખ્યત્વે શાંત છે. તેઓ સદાય શાંતરસમાં ડૂબેલા હોય છે. શિવ નિરંતર યોગ મુદ્રામાં હરિસ્મરણ કરતા રહે છે. તેમાં પણ જ્યારે તેમને વિશ્રામ લેવો હોય જ્યારે તે પાર્વતી સાથે હરિ કથા કરે છે. હરિસ્મરણ અને હરિ કથા એ શિવના પ્રિય વિષયો છે. શિવે પોતાનામાં સમયને સ્થિર કરી દીધો છે એટલે તેઓ કાલાતીત છે. સંહારક શિવના સ્વરૂપને પ્રાચીન મૂનિવરો મહાકાળ તરીકે ઓળખતા હતા. જગતને પરમ વૈરાગ્યનો બોધ આપવા માટે શિવ શરીરે સ્મશાનની ભસ્મ લગાવે છે. જે અંત્ય છે ત્યાંથી જ શિવતત્ત્વનો આરંભ થાય છે. મનુષ્યમાત્રનું મૃત્યુ નિશ્ચિત છે. છતાં મનુષ્ય મૃત્યુની વિસ્મૃતિમાં જિંદગી પસાર કરે છે, પોતે અમર હોય એવું અભિમાન કરે છે, બીજાઓને અન્યાય કરે છે, અપરાધ કરે છે અને દેવોની ઉપેક્ષા કરે છે. જે સત્પુરુષો અને સન્નારીઓ શિવને શરણે જાય છે એને શિવકૃપા ઉપરાંતના જ્ઞાન અને વૈરાગ પ્રાપ્ત થાય છે.

સામાન્ય સાંસારિક દંપતી સંસાર કથા કરતા હોય છે. તેઓ એમાંથી કદી ઊંચા જ આવતા નથી. જ્યારે શિવ અને પાર્વતી નિરંતર હરિ કથા કરે છે. હરિ કથા કરવી એ જ એમનો જીવન સાર છે. એને કારણે મહાદેવ દેવાધિદેવ ગણાય છે અને મનુષ્યો તો ઠીક છે પરંતુ દેવોની પણ સર્વ સમસ્યાઓનું સમાધાન એમની પાસે છે. કૈલાસ પર્વત પર જ્યાં તેઓ નિવાસ કરે છે ત્યાં સુધી કોઈ આરોહણ કરી શક્યું નથી. કૈલાસ હિમગિરિમાળાનો એક રહસ્યમય પર્વત છે. શિવ અને પાર્વતીનું દામ્પત્ય અહી નિરંતર આનંદ ઉદધિમાં પસાર થાય છે. તેમના દામ્પત્યમાં વિવાદ નથી, સંવાદ છે. ગૃહસ્થ અને ગૃહિણીમાં જો સંવાદ હોય તો તેમના ઘરમાં શિવતત્ત્વ પ્રવેશે છે અને દંપતીને જિંદગીની ધન્યતાનો અનુભવ આપે છે.

**ભારતીય સંસ્કૃતિની એક આદર્શ માન્યતા છે કે સ્ત્રીનો સ્વભાવ શીતળ હોય તો દાંપત્ય જીવનમાં પ્રસન્નતા અને સુખ-સંપત્તિનો વરસાદ થાય છે...!**

સમગ્ર પૃથ્વીના સંદર્ભમાં બ્રહ્માને સર્જક માનવામાં આવે છે, વિષ્ણુને પાલક અને શિવને સંહારક માનવામાં આવે છે. સર્જન, પાલન અને સંહારની આ ત્રિપુટી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તરીકે શાસ્ત્રોમાં અને જગતમાં વિખ્યાત છે. કૈલાસ પર્વત પર ભગવાન શંકરના પાડોશી તરીકે દેવોના ખજાનચી કુબેર બિરાજે છે. કુબેર ભંડારી શિવના આંગણે આવતા ભક્તોનું સ્વાગત કરવામાં પ્રમુખ હોય છે. શિવની ઉપાસનામાં પણ કુબેર વચ્ચે આવે છે. ભગવાન ભોળાનાથની પ્રાર્થના કે ઉપાસના કરો એટલે કુબેર ભંડારી પ્રસન્ન થાય છે. કુબેર પ્રસન્ન થાય એટલે ઘરમાં સુખ અને સમૃદ્ધિનો પ્રવેશ થાય છે. મોટાભાગના લોકો પછી ભોળાનાથને ભૂલી જાય છે અને કુબેરને મળીને જ પાછા ફરી જાય છે. કદાચ એટલે જ ભોળાનાથે કુબેરને પાડોશી તરીકે રાખ્યા છે. પરંતુ કુબેરની પ્રસન્નતા અને વિવિધ સુખાકારી પછી પણ જે પોતાની સાધના ચાલુ રાખે છે તેને આખરે ભગવાન શંકર પોતાના હૃદયમાં સ્થાન આપે છે. મહાદેવને ભોળાનાથ એટલે કહેવામાં આવે છે કે એ બહુ જ સરળતાથી પ્રસન્ન થઈ જાય છે. નિર્મળ હૃદયથી ઉપાસના કરનારને તેઓ એક પછી એક વરદાન આપતા જ રહે છે. મહાદેવ પોતાના ભક્તને એટલા જ ચાહે છે જેટલા તેઓ વિષ્ણુને ચાહે છે. ભૂલમાં જેમણે બિલિપત્ર ચડાવ્યા હોય એને પણ પ્રસન્ન થયા છે અને જેમણે ભૂલમાં નામ લીધું એના પર પણ રાજી થયા છે. શિવ વિધિવિધાનના નહિ, ભક્તહૃદયની ભાવનાના દેવ છે. જરાક જ જળનો અભિષેક કરો એટલે ભોળાનાથ રાજી રાજી ! શિવ વેદકાળથીય હજારો વરસો પૂર્વેથી પૂજાતા આવ્યા છે. ભારતમાં એવા ગામ ભાગ્યે જ છે કે જ્યાં શિવમંદિર ન હોય.

પાર્વતી, શિવને અત્યન્ત પ્રિય છે. એક અપેક્ષા વિનાની સ્ત્રી જેવો સ્વભાવ પાર્વતીનો છે. એક તો તેઓ હિમાલયના દીકરી છે એટલે પિતા પાસેથી ઉચ્ચ અધ્યાત્મના સંસ્કાર મળ્યા છે. હિમાલય, ભારતીય અધ્યાત્મની આધારશીલા છે. ઉપરાંત શિવ પાસે તો અનંતકોટિ બ્રહ્માણ્ડની સર્વ સુખાકારી છે. પરંતુ પાર્વતીને માત્ર શિવના પરમ આધ્યાત્મિક જ્ઞાનમાં જ રસ છે. તુલસીદાસે રામ ચરિત માનસ જાણે કે શિવ સ્વયં પાર્વતીને સંભળાવતા હોય એ રીતે આલેખી છે. તુલસીએ શિવની વાણીમાં ચોપાઈ મૂકીને કહ્યું છે - ઉમા અનુભવ મૈં કહું અપના, સત હરિ ભજન, જગત સબ સપના....! હે પાર્વતી હું તને મારો અનુભવ કહી રહ્યો છું કે પ્રભુસ્મરણ એક માત્ર સત્ય છે. આ દેખાતું જગત તો માત્ર એક સપનું છે. શિવનું સ્મરણ ચિત્તને પ્રશાન્ત રાખે છે.

શિવ અને પાર્વતી એકબીજાના સાંનિધ્યમાં છે. જે દંપતી અધ્યાત્મની ઉપાસનાને જ સહજીવનની ધન્યતા માનતા હોય એમનો આખો પરિવાર પૂજાતો હોય છે. શિવની ઉપાસના ભારતીય ઉપખંડ ઉપરાંત અનેક દેશોમાં થાય છે. શિવ સ્વયં એક રહસ્યમય દેવ છે. મંત્ર અને તંત્રના તેઓ અધિષ્ઠાતા છે. એકલા ગિરનારમાં જ શિવની સહસ્ર પ્રકારે ઉપાસના કરનારા સાધુઓ છે. નાથ સમ્પ્રદાયના નવ નાથ તો નિત્ય શિવનો સાક્ષાત્કાર કરનારા છે. ભારતીય પરંપરામાં અસંખ્ય શિવસ્તોત્ર અને શિવમંત્રો છે. શિવનું એક સ્વરૂપ રુદ્ર છે. નટરાજ તરીકે તેઓ સર્વ કલાઓના સ્વામી છે. શિવતાંડવ સ્તોત્ર ગમે ત્યાં વહેતું ન મૂકાય પણ ભોળાભાવે અને શિવ ઉપાસના હેતુથી લોકો સાંભળતા હોય છે એટલે શિવ એને કોઈ દોષ માનતા ન હોય. ખરો મંત્ર તો ઓમ નમઃ શિવાય જ છે. ■

# બીજો ભવ



વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

પણ દિવાળી ગઈ. શિયાળાની એક સવારે દાનબાપુને હાર્ટ એટેક આવ્યો. ઘડીકની વારમાં જ.. જયસિંહે કોલેજ છોડી, ઘર-વાડી-વજીફા, વહેવારની જવાબદારી આવી પડી. આ માનસિક ફટકો તો રેશમ અને રામલા ઉપર પણ પડ્યો. ગરીબ દંપતી ઓશિયાળુ બની ગયું. એક દિવસે રેશમે રામાને કહ્યુઃ મને અહીં ગમતું નથી અસુખ થાય છે. જયસિંહની દાનત ખોરા ટોપરા જેવી છે. આપણે ચાલ્યા જઈએ.' જવાબમાં રામો કહે, 'રેશમ, તારી ભૂલ થાય છે. દાનુભા કરતા તો જયુભાનો જીવ ઓલદોલ છે બે વેંત ચડે એમ છે. રહી વાત હેરાનગતિની, તો કહે એણે કયાં આપણને હેરાન કર્યા ? હજી તો દાનુભાના મોતની ટાઢીય ઠરી નથી અત્યારે તો આપણે એમની સાથે રહેવુ જોઈએ. એને બદલે એ માણસ ઉપર આવો ઈલ્જામ ?' જો કે તણાવ તો રેશમનો વ્યાજબી હતો. એ ફફડતી હતી. પણ એક દિવસ આ તણાવ વચ્ચે સપનાના ફૂલ ખીલી ઉઠ્યા. એક સવારે રેશમને ઉબકા ચડ્યા. રામો રેશમને લઈને પુષ્પાબેન નર્સ પાસે લઈ ગયો. તપાસ કરીને રેશમના ગાલે મીઠી ટપલી મારીઃ ' રેશમ, તું મા બનવાની છે.' તે દિ' રાત્રે રેશમ રામાની ગુચ્છાદાર છાતીમાં સમાઈ ગઈ. આખી રાત ચંદ્રના ચંદરણા નળીયા વાટે અંદર ઉતરીને પતિ-પત્નીના શરીરસુખના મોરપિચ્છ ફેરવતા રહ્યા. છ મહિનામાં તો રેશમ ડિલીવરી કરવા પિયર ચાલી. પણ આ ખુશી માંડ બીજા છ આઠ મહિના જ ચાલી. ગમે તે થયું રામલાને ગળાનું કેન્સર થયું. ત્રણ ચાર મહિનાના છોકરાને લઈને રેશમ દવાખાના ભટકતી રહી. પૈસા, ખરચી, ઘરેણા સાફ થઈ ગયું. રામો અજાણ નહોતો. રેશમને તેણે જયસિંહ પાસે પૈસા માટે મોકલી, જયસિંહે મોઘમ હસીને કહ્યું: 'રેશમ, મુંઝાતી નહી. ગમે એટલા પૈસાની જરૂર પડે, ચાલી આવજે. હા, તું ભલે મને પારકો માને, હું તો તને મારી પોતાની જ માનુ છું.' રેશમ થડકી ગઈ. પૈસા લઈને પાછી આવી ત્યારે રામલાએ પોરસાઈને કહ્યુ: ' જો, હું તને નહોતો કહેતો કે માણસ લાખ રૂપિયાનો છે, તે એને રાખનો કરી દીધો.' રેશમ શું બોલે ? પણ કેન્સર હવે વકરી ગયુ હતું. રેશમ પૈસાનો ઉપાડ કરતી ગઈ છતાં પણ એક દિવસ...

સવા વરસનો સરજુ બાપ વગરનો થઈ ગયો. રેશમના ચૂડી ચાંદલો પણ ભૂંસાઈ ગયા. રેશમ દોઢ મહિને વાડીએ આવી ત્યારે જયસિંહે ચોપડો ખોલ્યો: અડધો લાખ થયા છે પણ ચિંતા ન કર. વાડી સંભાળી છે, જમીન ખેડ્યા વગરની રહે, એ મને ન પાલવે.' રેશમ તેની આંખોમાં તાકી રહી. પછી બોલી:' હું વાડીનું ઝૂંપડુ છોડી દઉ છું. ગામમાં અમારી પુરાની બસ્તીમાં રહેવા જાઉ છું. હવે એકલપંડે આખી વાડી સંભાળવાનું મારુ ગજુ નહી.'

'પણ હું છું ને ? હું તારી સાથે જ છું.'

'તમે તો આ સુવાંગ વાડીના ધણિ! મારો ધણિ હોત તો વાત જુદી હતી. છતાં પણ હું દાડીયું કરી જઈશ.' અને રેશમ આવતી રહી. કયારેક છોકરાને કાંખમાં તેડીને, કયારેક વડલાના છાંયે હીંચકે સુવડાવતી, કયારેક પડોશીને ત્યાં મૂકીને. એવી જ એક ઉનાળાની કાળઝાળ બપોરે માથાઢંક જુવારના ઘેરામાં જયસિંહે ઝકડી લીધી. રેશમ કરગરી ઉઠી પણ જયસિંહની પકકડ મજબુત હતી. એણે કહ્યું: 'રેશમ, પ્રેમથી માની જા, પ્રેમથી કહુ છું બળજબરી નથી. એવું જ કરવું હોત તો ઘણાં ય મોકા હતા. માની જઈશ તો રાજરાણીનું સુખ પામીશ.' રેશમ તીખાશથી બોલી: 'હું પણ પ્રેમથી જ કહું છું અને એક બીજી વાત, પારકાની સવામણ રૂની તળાઈના બિસ્તર ગરમ કરીને માલપૂવા ખાવાવાળી હું નથી, કોઈ ઔર હશે. મને તો ભલે એક ઓશિકુ અને કોથળો મળે, મારે માટે એ સ્વર્ગ જ છે. હતો એ ચાલ્યો ગયો.' અને એણે એક આંચકો માર્યો. દાતરડું જયસિંહના હાથે છરકો કરતુ ગયું. એ અડવડીયુ ખાઈ ગયો.

જયસિંહ પાછળ દોડ્યો પણ સમયસૂચકતા વાપરી નેફામાં ખોસેલી ગોફણ કાઢી એક પાણકો સનનન કરતો વિંઝ્યો. જયસિંહના કપાળની વચ્ચોવચ્ચ ચીરો પાડીને ગયો. એ ભાગી છૂટી.

આ ઘા...

જયસિંહે અત્યારે સૂતા સૂતા કપાળે હાથ ફેરવ્યો. સાલ્લીએ મને ભવ આખાનું નિશાન છાપી દીધુ. તેના દાંત ભીંસાયા. એકવાર સાલ્લી હાથમાં આવે તો એના રોમેરોમે જયસિંહનું નામ છાપી દેવું છે ! પણ રેશમ સાવચેત રહેતી. બસ્તીમાં એક ઝૂંપડુ રાખીને રહેવા લાગેલી. જયસિંહ એકવાર ઝૂંપડે ગયેલો પૈસા માટે. જવાબમાં રેશમે કહ્યું: 'મે અને મારા ધણિએ તમારા બાપુના મોત પછી કરેલા કામનો હિસાબ તમે સમજયા નથી. એ હિસાબ ચોખ્ખો કરીને મને આપવાની થતી રકમ આપી દો. પછી તમારો હિસાબ ચોખ્ખો કરીએ.'

જયસિંહને પાછા પગલા ભરવા પડ્યા. એનાથી તો રેશમ પ્રત્યેનું ખુન્નસ બેવડાઈ ઉઠ્યું. જોકે એ ધારેત તો રિવોલ્વરની એક જ ગોળીથી, ધારીયાના એક જ ઘાથી... તલવારના એક જ ઝાટકાથી રેશમને પતાવી શકેત પણ ના... વેર વાળવા માટે એ કોઈ નવો જ કિમીયો શોધી રહ્યો હતો. જયસિંહની મનોઃસ્થિતિ તેનો એક ખાસ માણસ જોરૂભા જાણતો હતો. એક દિવસ એણે કહ્યું: 'જયુભા, તમે મેરીયા ભૂવાને બોલાવો, એણે મેલડી સાધી છે ઉડતા પંખી પાડે એવો છે. તમારુ કાર્ય સિધ્ધ થઈ જશે.'

'તો જા... તું અભીને અભી મેરીયાને બોલાવ.' જયસિંહ બોલ્યો, 'તું પણ ડફોળ મોડો મોડો બોલ્યો ?'

મેરીયો આવ્યો. જયસિંહે અલ્ટીમેટમ આપી દીધુ: 'તું ચાહે એવી વિધિ કર. તંત્ર વિદ્યા અજમાવ, જાદુટોના કર પણ એની વે, રેશમ મારે તાબે થવી જ જોઈએ.'

'ચપટી વગાડતામાં થઈ જાય .. આવી તો ઘણી લાલીઓને વશ કરી, જયુભા, રેશમ જેવું પતંગિયુ તો શું વિસાતમાં ?'

'તો બસ..' દારૂનો ઘૂંટ ભરતા જયસિંહની હાથની મુઠ્ઠી વળી ગઈ: 'એકવાર સાલ્લી હાથમાં આવી જાય પછી પીંછડા ખેરવી નાખવા છે કહેવુ છેઃ બહુ સતી થતી હતી ને? કયાં ગયુ તારૂં સતીપણુ ? '

મેરીયાએ કાળા અડદ, કાળા તલ, લોખંડનો કટકો, ખાસડું, અતરની શીશી, નેઈલ પોલીશ, બંગડીની ચાર જોડ આ બધું કાળા કપડામાં બાંધ્યુ અને એ પોટલી જયસિંહને આપીઃ 'આ તમારા સગા હાથે જ એના ખોરડા ઉપર ... પછી જોઈ લો ભાયડાના ભડાકા...' તે દિવસે અડધી રાત્રે જયસિંહ એ પોટલી રેશમના ઝૂંપડા ઉપર ફેંકી આવ્યો. એક બે અને ત્રણ દિવસ ! બરાબર ત્રીજે દિવસે રેશમ જયસિંહની વાડી બાજુથી દાડીયે જવા નીકળી અને એ ઝૂંપડીને જોઈ. એને સઘળું યાદ આવી ગયું. એની આંખમાં આંસુ તગતગી ઉઠ્યા. અવશપણે એ વાડી બાજુ ખેંચાઈ ગઈ. આ તરફ ફાર્મહાઉસમાં બેઠેલો જયસિંહ ચમક્યો. 'અરે આ તો રેશમ ! બાકી, મેરીયો કારીગર નીકળ્યો. સાલ્લો કલાકાર છે. જોરૂભાએ પણ રહી-રહીને ચિંધ્યું. પહેલેથી જ ભસી દીધું હોત તો ?' તેના સૂકા હોઠો ઉપર જીભ ફરી રહી.

રેશમ ઝૂંપડાના ભીતડા ઉપર હાથ ફેરવી રહી. જાણે બિમાર ધણિના શરીર ઉપર હાથ ફેરવતી હોવાનો તીવ્ર અહેસાસ. રામલો જાણે કાચી માટીના બનાવેલા ઝૂંપડાની ભીંતોમાં પ્રગટ થતો પૂછતો હતોઃ ' મા દીકરો સુખી તો છો ને ? '

'હા..' રેશમ સ્વગત બબડી, પછી તારા દીકરાનું નામ મે સરજુ રાખ્યુ છે. બિલકુલ તારી જેવો જ છેઃ શાંત, ઠરેલ, ડાહ્યો, સંતોષી ! કદી પણ સતાવતો નથી મને એ. હા કયારેક મને બાથ ભરીને અડધી રાત્રે પૂછે છેઃ મા, મારા બાપુ ? હું કહું છું કે આ દિવાળી ઉપર એ જરૂર આવશે. તેનાથી ડૂસકુ મુકાઈ ગયું. 'રામા, મે હજી સુધી તેની આશાને તોડી નથી. નાનો છે, મોટો થશે પછી આપોઆપ સમજી જશે.' તેની આંખમાંથી ટપ ટપ કરતા... ! આંસુ લૂછવા એણે પાલવ ખેંચ્યો તો સામટો છેડલો જ ખેંચાઈ આવ્યો. જયસિંહ તેની અર્ધ અનાવૃત કાયાને તાકી રહ્યોઃ નક્કી, પેલી પોટલી જ કામ કરી ગઈ! એણે વિચાર્યુ: 'સ્ત્રી છે. શરમ, લજ્જા, સમજવશ પહેલ નહીં કરે. મારે જ કરવી પડશેઃ સાચી વાત છે, જુવાન દેહના વલવલાટ કોઈથી રોકાયા છે કે રોકાય ? શરમાઈ ન જા.. મે હું ના ? વરસોની પ્યાસે આજ તારૂ શરીર બોલ્યું છે હું તો છું જ કૂવાનો કાંઠો.. પ્યાસ તો બુઝાવીશ જ. અરે પ્યાસ બુઝાવીને તને સજાવી પણ દઈશ.'

સૂકકી કડબ ઉપર પગલાનો અવાજ આવતા રેશમ ચોંકી જોયું તો જયસિંહ. એ ભાગવા મથી. જયસિંહે કહ્યું, 'રેશમ રોકાઈ જા શરમાઈ ન જા.'

જયસિંહ મારો રસ્તો છોડ નહિતર જોયા જેવી થશે. આ કપાળ ઉપરનો ચીરો અરીસામાં જોયો છે ને ? એવો જ એક બીજો ચીરો તારા ગાલ ઉપર પણ પડી જશે. હું આવી' તી આ ઝૂંપડે. જે ઝૂંપડે મે મારી જીંદગીની સોનેરી પળ ગુજારી હતી.'

'હું એ જ કહું છું રેશમ! આ વાડીમાં હવે તારી જીંદગીની બાકી પળો સોનેરી જ વિતશે. અરે પગલી, જો તો ખરી તારા માટે તો મેં આ તાજમહેલ ચણાવ્યો છે. ચલ આજા.' કહેતો'ક ને તે આડો પડ્યો પણ આજે રેશમ ધક્કો મારીને ભાગી છૂટી. જયસિંહે મેરીયા ભૂવાને ગળચીમાંથી પકડ્યો. ભૂવા, તું ફેઈલ ગયો હવે તારી ખેર નથી.'

(ક્રમશઃ) ■

# દીકરો બીમાર હોય તો એક મા... ને ચિંતા તો થાય જ ને !

# રાખનાં રમકડાં



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"પણ બેટા, એણે મારી થોડી રાહ જોઈ હોત તો... હું તેને સમજાવત, તેના કુટુંબના સભ્યોને અને જ્યોતિને હાથે - પગે લાગત, મનાવત, ખૂબ ખૂબ આજીજી કરત અને કરગરીને કહેત કે, દીકરી... તું મારા માટે રોકાઈ જા, એને સમજાવત તો આવી ઘડી ન આવત. મને તો ગળા સુધીનો ભરોસો છે કે એ મારૂં માનત પણ ખરી. પણ હવે શું થાય ? તને ખબર છે ? હું તો તારા લગન એની સાથે જ થશે એવું મોનમોન માનતી હતી. પણ હવે તો મારો ઠાકર જ રિસાયો છે એટલે મારે કરવું પણ શું... ?"

"બા...., હવે તો જ્યોતિને આપણે ભૂલી જવી પડશે. એને ભૂલવી એ આપણો ધર્મ ગણાશે. એ તો એક મહેમાનની જેમ આવી, મહેમાનગતી માણી લઈ તે પાછી જતી રહી. આપણે તેને આપણી હેસિયત પ્રમાણે માનથી સાચવી લીધી પરંતુ દુઃખ તો એ વાતનું થાય છે કે, તેના સ્વભાવ પ્રમાણે પાંચ મહિનામાં આપણને મોહ પમાડી ગઈ. એટલે તો આપણને વધારે દુઃખ થાય છે. પાંચ મહિના રહીને એ હંમેશ માટે જતી રહી. આપણને સુવાળું અને લાગણીભર્યું સુંદર સપનું આવ્યું એમ સમજીએ. પછી આંખ ઉઘડતા બધું જ અલોપ બસ... હવે એને ભૂલી જવામાં આપણું પણ ભલુ જ સમજવું રહ્યું. " : દામલ સાવ ધીમે ધીમે બોલ્યો.

"પરંતુ બેટા, હવે આપણે બેઉં શું કરશું ? મને તો તારી જ ચિંતા થાય છે. કયાંક..."

"બા, આમાં તમારે મારી ચિંતા કરવાની ન હોય. ઉપરવાળો તો આપણી સાથે જ છે ને...." દામલ બોલ્યો. એ સાથે તો તેની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ ખરવા લાગ્યાં...

સમય બળવાન છે. કહે છે કે, સાચો પ્રેમ.... પ્રથમવારના પ્રેમમાં ભંગાણ થાય તો તે પ્રેમ માણસને પાગલ બનાવી દે છે. દામલની હાલત પાગલ જેવી હજી થઈ ન હતી પરંતુ પાગલથી પણ બદતર હાલત તો તેની મનોદશાની થઈ ગઈ હતી. કારણ કે તે અતિશય લાગણીશીલ અને વધુ પડતો શરમાળ હતો. આના લીધે તે હવે અર્ધપાગલ જેવો થઈ ગયો હતો.

જ્યોતિ ચાલી ગઈ તે વાતને હજી તો બે જ દિવસ પસાર થયા હતા. અને ત્રીજા દિવસે તો દામાની તબિયત ખૂબ ખરાબ થઈ ગઈ. સમી સાંજના તેને ભયંકર તાવ આવ્યો. સાવ સાદી ભાષામાં કહીએ તો તાવ તેના મગજમાં ચડી ગયો હતો. તાવમાં તપી જઈને તે ન સમજાય તેવું બોલવા પણ લાગેલો. એટલે કે તેને બકવાસ ઊપડી ગયો હતો. ન સમજાય તેવા લવારા તે વારંવાર કરવા લાગ્યો. આવું થતાં સમજુબા રડ્યાં, ખૂબ રડ્યાં, સાથે સાથે તેઓ ડરી પણ ગયાં. હવે શું કરવું ? રાત થવામાં હતી એટલે પછી તેઓ ઝડપથી ચાલ્યાં ને શેરીમાં - બાજુમાં રહેતાં નંદુમાને બોલાવી લાવ્યાં. નંદુમાએ દામાની હાલત જોઈ, તેઓ પણ થોડાં ગભરાયાં છતાં તેમણે કહ્યું :

" સમજુ, તું ચિંતા ન કર. દામનો કઈ નહીં થાય, તું જા, એક તપેલીમાં ગરમ પાણી અને બીજી તપેલીમાં ઠંડુ પાણી લઈ આવ, ગરમ પાણીમાં થોડું મીઠું નાખી દામાના કપાળ પર વારાફરતી પોતાં મૂકીશું એટલે તાવ તરત ઉતરી જશે..."

સમજુબા તરત રસોડા તરફ ચાલ્યાં, બધી સામગ્રી તૈયાર કરી ઝડપથી પાછાં આવ્યાં. નંદુમા અને બાએ ભેગાં મળી દામાના કપાળ પર પોતાં મુકવાનું શરૂ કર્યું. લગભગ અર્ધા કલાકમાં તો દામાનું શરીર ઠંડુ પડયું, તાવ ઉતરી ગયો. હવે તેને ઘણી રાહત થઈ હતી. પરંતુ દીકરો બીમાર હોય તો એક મા... ને ચિંતા તો થાય જ ને !

રાતના અગિયાર થવાને હજી થોડી વાર હતી. એવે ટાણે ઘરની ઠાલી દીધેલી ડેલી ખૂલવાનો અવાજ આવતા બા... થડકી ગયાં. તેમને થયું કે ... અત્યારે મોડી રાતના કોણ આવ્યું હશે...?

ત્યાં તો આવનાર વ્યક્તિ સીધા જ ઓસરીના પગથિયાં ચડી જરા મોટા અવાજે બોલી : "બા... એ બા..., દામો કયાં...?"

"હાંફળા ફાફળા થતાં બા... નો શ્વાસ માંડ હેઠો બેઠો કારણ કે તેઓ અવાજ ઓળખી ગયાં હતા. એટલે રૂમમાંથી બહાર નીકળતાં સાથે બોલ્યાં : "આવ, દીકરા રણમલ ! અંદર આવી જા. સારૂં થયું તું આવ્યો તે, જો ને આ તારા દોસ્તારને મજા કયાં છે. સખત તાવ આવ્યો છે, અમે પોતા મૂકીએ છીએ. હવે તાર થોડો ઉતર્યો છે..." (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ઉદયપુરમાં પત્ની અને બે બાળકોની નિર્મમ હત્યા કર્યા બાદ પુરૂષે ગળાફાંસો ખાતા ખળભળાટ મચ્યો

ઉદયપુર,તા.૨૬



રાજસ્થાનના ઉદયપુરમાં એક પતિએ હત્યા પછી આત્મહત્યા કરીને બધું જ સમાપ્ત કરી દીધું. આ ભયાનક ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પતિએ પહેલા તેની પત્ની અને બે બાળકોની હત્યા કરી. પછી તેણે પણ પંખા સાથે લટકીને આત્મહત્યા કરી. ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે, જે વાંચીને પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ. આ મામલો હિરણમગરી પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રભાત નગરનો છે. સુસાઈડ નોટમાં યુવકે આર્થિક રીતે સંકટમાં હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેણે લખ્યું છે કે હું પરેશાન છું. હવે આપણી પાસે કોઈ રસ્તો નથી. આ રીતે એક સુખી પરિવાર ક્ષણભરમાં નાશ પામ્યો. માહિતી અનુસાર, ૪૦ વર્ષીય દિલીપ ચિતારા તેના પરિવાર સાથે અંબાફલા હોલ પ્રભાતનગર સેક્ટર-૫માં ભાડાના મકાનમાં રહેતો હતો. પરિવારમાં પત્ની અલકા (૩૭), પુત્ર ખુશ (૬) અને મનવીર (૪)નો સમાવેશ થાય છે. દિલીપે પહેલા બાળકોને ઝેર પીવડાવ્યું, પત્નીનું ગળું દબાવ્યું અને પછી આત્મહત્યા કરી. માહિતી મળતાં જ હિરણમગરી પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો. તેમણે જોયું કે દિલીપ ચિતારાની લાશ પર લટકતી હતી, જ્યારે તેની પત્ની અને બાળકોના મૃતદેહ ત્યાં પડ્યા હતા. પોલીસે મૃતદેહોને શબઘરમાં મોકલી દીધા અને ત્યારબાદ તેમના પરિવારજનોને જાણ કરી હતી.

# ભારતની એકતા અને અખંડિતતાને કોઈ નુકસાન થવા દેવામાં આવશે નહીં : સેના પ્રમુખ

નવીદિલ્હી,તા.૨૬

દેશ આ વર્ષે ૨૬મો કારગિલ વિજય દિવસ ઉજવી રહ્યો છે, જે ભારતના ઈતિહાસમાં ગૌરવનું પ્રતીક બની ગયો છે. આજે વિજય દિવસ નિમિત્તે દેશમાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ૨૬મા કારગિલ વિજય દિવસની ઉજવણીને સંબોધિત કરી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું કે આપણે તે નાયકોના ઋણી છીએ જેમણે રાષ્ટ્રની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.

તેમણે કહ્યું કે ભારતે ઘણી વાર સ્પષ્ટ કર્યું છે કે તેની સરહદોની અંદર કોઈ પણ ખરાબ ઈરાદો સફળ થશે નહીં. જ્યાં સુધી બહાદુર સૈનિકો છે, ત્યાં સુધી ભારતની એકતા અને અખંડિતતાને કોઈ નુકસાન થવા દેવામાં આવશે નહીં. આ પરંપરાને આગળ ધપાવતા,



ભારતે તાજેતરમાં ઓપરેશન સિંદૂર સાથે નિર્ણાયક વિજય મેળવ્યો છે. તેમણે કહ્યું કે સરકારે સેનાને છૂટ આપ્યા પછી, ભારતીય સેનાએ પહેલગામ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપ્યો. જનરલ દ્વિવેદીએ કહ્યું કે અમે પાકિસ્તાનમાં ૯ મહત્વપૂર્ણ ઠેકાણાઓનો નાશ કર્યો, કોઈપણ નિર્દોષને નુકસાન પહોંચાડ્યા વિના. સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ દ્રાસમાં સંબોધન કરતા કહ્યું કે આજે મેં ચોથી વખત કારગિલ વિજય દિવસમાં ભાગ લીધો છે. ગયા વર્ષે અમે રજત જયંતિ ઉજવણીનું આયોજન કર્યું હતું જેમાં પીએમ મોદી હાજર હતા.

# હરિયાણામાં પોલીસ બંગાળી મુસ્લિમોને બાંગ્લાદેશી ગણાવી અટકાયતમાં લેતી હોવાનો આક્ષેપ

નવીદિલ્હી,તા.૨૬

દેશભરમાં ઘણી જગ્યાએ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં, પોલીસે આ અંગે હરિયાણાના ગુરુગ્રામમાં એક ઝુંબેશ શરૂ કરી હતી. આમાં, પોલીસે ત્યાં રહેતા લોકોની તપાસ કરી. આ સાથે, તેમને હોલ્ડિંગ એરિયામાં રાખવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિત ઘણા લોકોએ આ અંગે વાંધો ઉઠાવ્યો છે. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે પોલીસ બંગાળી ભાષી મુસ્લિમ નાગરિકોને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખી રહી છે. અસદુદ્દીન ઓવૈસીએ પોલીસ કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે ભારતના ઘણા ભાગોમાં પોલીસ બંગાળી ભાષી મુસ્લિમ નાગરિકોની અટકાયત કરી રહી છે. પોલીસ આરોપ લગાવી રહી છે કે તે લોકો બાંગ્લાદેશી છે. બંગાળી લોકોને બંદૂકની અણીએ બાંગ્લાદેશ મોકલવામાં આવી રહ્યા હોવાના અહેવાલો ચિંતાજનક છે.

# બિહારના બોધગયામાં હોમગાર્ડ ઉમેદવાર પર ચાલતી એમ્બ્યુલન્સમાં સામૂહિક દુષ્કર્મ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૬

બિહારના ગયાજીમાં ગેંગરેપની એક ભયાનક ઘટના બની હતી, તે પણ એમ્બ્યુલન્સની અંદર. બીએમપી-૩ માં હોમગાર્ડ ભરતી માટે આવેલી એક છોકરી પર એમ્બ્યુલન્સમાં બે યુવાનોએ ગેંગરેપ કર્યો. પોલીસે આ કેસમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને ટેકનિશિયનની ધરપકડ કરી છે. બંનેની તબીબી તપાસ



પણ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હોમગાર્ડ ભરતી દરમિયાન શારીરિક તપાસ કરતી વખતે, એક છોકરીની તબિયત અચાનક બગડી ગઈ. તે બેભાન થઈ ગઈ, ત્યારબાદ તેને સારવાર માટે બીએમપી કેમ્પસમાં તૈનાત એમ્બ્યુલન્સમાં મગધ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મોકલવામાં આવી. હોસ્પિટલ પહોંચ્યા પછી, જ્યારે છોકરી ભાનમાં આવી, ત્યારે તેણે હોસ્પિટલના ડોક્ટરોને તેના બળાત્કાર વિશે જાણ કરી. છોકરીએ જણાવ્યું કે એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને ટેકનિશિયને રસ્તામાં તેની સાથે છેડતી કરી. ડોક્ટરોની માહિતી પર, એક મેડિકલ ટીમ બનાવવામાં આવી હતી.

# અમદાવાદ સિવિલમાં કેન્સરના દર્દીઓને વિનામૂલ્યે અપાતી સારવાર

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ સિવિલ કેમ્પસ ખાતે સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું સોનેરી કિરણ બની રહી છે. ગુજરાત સરકાર, ગુજરાત કેન્સર સોસાયટી અને GCRI ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સંસ્થા તેના ઉત્કૃષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે જાણીતું નામ બન્યું છે. GCRI ખાતે કેન્સરનું સ્ક્રીનિંગ, સારવાર, ટેસ્ટ્સ, સર્જરી, રેડિયેશન, કીમોથેરાપી, દવાઓ તથા અન્ય તમામ સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

# કારગિલ વિજય દિવસ નિમિત્તે, પીએમ નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સેનાના સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યું

નવીદિલ્હી,તા.૨૬

૧૯૯૯ ના કારગિલ યુદ્ધમાં પોતાના જીવનું બલિદાન આપનારા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શનિવારે કહ્યું કે વિજય દિવસ દેશના સૈનિકોની અસાધારણ વીરતા અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. મુર્મુએ કહ્યું કે સૈનિકોનું રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને સર્વોચ્ચ બલિદાન હંમેશા દેશવાસીઓને પ્રેરણા આપશે.



મુર્મુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X‘ પર લખ્યું, ×કારગિલ વિજય દિવસ નિમિત્તે, હું માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ દિવસ આપણા સૈનિકોની અસાધારણ બહાદુરી, હિંમત અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. દેશ પ્રત્યેનું તેમનું સમર્પણ અને સર્વોચ્ચ બલિદાન હંમેશા દેશવાસીઓને પ્રેરણા આપશે. જય હિંદ! જય ભારત!× આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કારગિલ વિજય દિવસની ૨૬મી વર્ષગાંઠ પર અભિનંદન આપતા શનિવારે કહ્યું કે આ દિવસ કારગિલના પર્વતો પરથી પાકિસ્તાની ઘૂસણખોરોને ભગાડવામાં ભારતીય સશસ્ત્ર દળોની સફળતાનું પ્રતીક છે.

# છત્તીસગઢ અને કેરળમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું, અનેક સ્થળોએ પાણી ભરાઈ જતા હાલાકી

નવીદિલ્હી,તા.૨૬

દેશના ઘણા ભાગોમાં ચોમાસાએ ગતિ પકડી છે, પરંતુ તેની સાથે સામાન્ય લોકોની મુશ્કેલીઓ પણ વધી છે. છત્તીસગઢની રાજધાની રાયપુર અને કેરળના મલપ્પુરમ જિલ્લામાં સતત ભારે વરસાદથી જનજીવન પર ખરાબ અસર પડી છે. રાયપુરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જ્યારે




મલપ્પુરમમાં ભારે પવન અને વરસાદને કારણે ઘણા વૃક્ષો ઉખડી ગયા છે. આ બંને સ્થળોએ વહીવટીતંત્ર એલર્ટ પર છે અને રાહત કાર્યમાં વ્યસ્ત છે. રાયપુરમાં છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદને કારણે શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે. મુખ્ય રસ્તાઓ, વસાહતો અને બજારોમાં ઘૂંટણ સુધી પાણી જમા થઈ ગયા છે. જેના કારણે લોકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે અને ઘણી જગ્યાએ જામની સ્થિતિ છે. વહીવટીતંત્રે ડ્રેનેજ વ્યવસ્થા ઝડપી બનાવી છે, પરંતુ સતત વરસાદને કારણે પરિસ્થિતિ સામાન્ય થવામાં સમય લાગી શકે છે.

# ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી સચિવ જેનુ દેવને જાંબુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી

ગીર સોમનાથ,તા.૨૬

ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી સચિવ જેનુ દેવન આજે જિલ્લાના રસ્તા અને પુલોની સમીક્ષા અર્થે મુલાકાતે આવ્યા હતા. તેમની વિવિધ પુલોની મુલાકાત દરમિયાન તેઓ જાંબુર ખાતે પહોંચ્યા ત્યારે પુલની બાજુમાં જ આવેલી પ્રાથમિક શાળાના બાળકોનું પ્રાર્થના ગીત સાંભળીને અચાનક જ તેની મુલાકાતે પહોંચ્યાં હતાં. તેમણે શાળામાં બાળકોના શિક્ષણ તથા સંલગ્ન પ્રવૃત્તિઓ વિશેની જાણકારી મેળવી હતી. સચિવે બાળકોની અક્ષર, મૂળાક્ષરો ઓળખવાની



ક્ષમતા તેમજ સરવાળા, બાદબાકી બોર્ડમાં લખીને તેને ઉકેલવાની બાળકોની ક્ષમતાની ચકાસણી પણ કરી હતી. તેમણે શાળામાં ચાલી રહેલા સિવિલ વિકાસ કામોને ઝડપથી પૂર્ણ કરવા માટે શાળાના આચાર્ય અને શિક્ષકોને સૂચના આપી હતી.

# વેરાવળમાં ‘એક છોડ મા કે નામ’ થીમ હેઠળ ૧૦૦૦ બીલીપત્ર રોપાનું વિતરણ

વેરાવળ,તા.૨૬

વેરાવળ નગરપાલિકાના નગરસેવક ધારાબેન ધર્મેશભાઈ જોષી દ્વારા એક અનોખું પર્યાવરણ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસ નિમિત્તે, ‘એક છોડ મા કે નામ‘ થીમ હેઠળ વેરાવળના અટલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૦૦૦ બીલીપત્રના રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, ધારાબેન જોષી આ પહેલા પણ પર્યાવરણ સુરક્ષા માટે પ્રયાસરત રહ્યા છે. તેમણે અગાઉ ૧૧૦૦ તુલસીના રોપાનું વિતરણ કર્યું હતું, તેમજ વેરાવળની આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓને નાનપણથી જ પર્યાવરણ જાગૃતિ મળે તે હેતુથી શાળામાં વિવિધ ફળ-ફૂલના રોપાનું વિતરણ પણ કર્યું હતું.

# કોડીનારમાં કોર્ટે પોક્સોના કેસમાં આરોપીને ૨૦ વર્ષની જેલ સજા ફટકારી

કોડીનાર,તા.૨૬

કોડીનારની સેશન્સ કોર્ટે એક સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપી અમૃત ભગવાનભાઈ ઉર્ફે દિનાભાઈ વાઢેર (ઉ.વ. ૧૯, રહે. પાવટી) ને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨૦,૦૦૦ના દંડની સજા ફટકારી છે. આ ઉપરાંત, પીડિતાને વિક્ટિમ કોમ્પેન્સેશન ફંડમાંથી રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ)નું વળતર ચૂકવવાનો પણ કોર્ટે આદેશ કર્યો છે. આ કેસની વિગત મુજબ, ગત ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ ફરિયાદીની ૧૭ વર્ષ અને ૧૧ મહિનાની સગીર દીકરીને આરોપી અમૃત વાઢેર ભગાડી ગયો હતો. આ અંગે કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો. ભોગ બનનારની પૂછપરછ દરમિયાન, આરોપીએ તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ પૂર્ણ કરી આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન, ફરિયાદી, ભોગ બનનાર, મેડિકલ ઓફિસર, અન્ય સંબંધિત સાક્ષીઓ અને પોલીસ અધિકારીઓની જુબાની લેવામાં આવી હતી. સરકારી વકીલ મોહનભાઈ ગોહેલની દલીલોને સ્વીકારીને સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ અતુલકુમાર પટેલે આ ચુકાદો આપ્યો છે.

# ૨૦૦ વર્ષ જૂના સમાધિ સ્થળો તોડી પડાતાં સોમનાથ મંદિર ટ્રસ્ટ સામે દશનામ ગોસ્વામી સમાજનો આક્રોશ

ઉના, તા. ૨૬

સોમનાથ મંદિર ટ્રસ્ટ સામે દશનામ ગોસ્વામી સાધુ સમાજે ગંભીર આરોપો મૂક્યા હતા. સમાજના સભ્યોએ વેરાવળ પ્રાંત કચેરી ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. દશનામ ગોસ્વામી સાધુ સમાજ સોમનાથના પ્રમુખ ગોતમપુરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, સોમનાથ ટ્રસ્ટે ૨૨ માર્ચ ૨૦૨૫ના રોજ સમાજના પરિવારોના ઘરોનું



ડિમોલિશન કર્યું હતું. સમાજે શાંતિપૂર્વક ટ્રસ્ટને કબજો સોંપી દીધો હતો. પરંતુ ૯ જુલાઈ ૨૦૨૫ની રાત્રે ટ્રસ્ટે પોલીસ બંદોબસ્ત સાથે ૨૦૦ વર્ષથી વધુ જૂની સમાધિઓ તોડી પાડી હતી. ડિમોલિશન સમયે ટ્રસ્ટના મેનેજર અને કોર્ટના અધિકારીઓ સમક્ષ રુદ્રેશ્વર મહાદેવની પૂજા-અર્ચના માટે પરવાનગીની માંગણી કરવામાં આવી હતી. મેનેજરે સહકારનું આશ્વાસન આપ્યું હતું. પરંતુ આજ સુધી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. દશનામ ગોસ્વામી સમાજ આદિકાળથી મંદિર અને સમાધિઓની પૂજા-અર્ચના કરતો આવ્યો છે. તેઓ મહાદેવના વંશજ અને સનાતન ધર્મના રક્ષક તરીકે ઓળખાય છે. સમાજે સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ સામે ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસની માંગણી કરી હતી.

# ગીર સોમનાથના પ્રભારી સચિવ જેનુ દેવન દ્વારા જિલ્લાના પુલોની સ્થિતિની સમીક્ષા

ગીર સોમનાથ,તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યભરના પુલોના સમારકામ અને તપાસના નિર્દેશો અંતર્ગત, ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી સચિવ જેનુ દેવને જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે પુલોની વર્તમાન સ્થિતિનો ચિતાર મેળવવા માટે સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું. સવારે તાલાલા, ચિત્રાવડ, વેરાવળ બંદર અને કાજલી હિરણ નદી પરના પુલોનું નિરીક્ષણ



કર્યા બાદ, બપોર પછી પ્રભારી સચિવ જેનુ દેવને સૂત્રાપાડા-ઉના તાલુકાના પ્રાચી-ઘંટિયા, સીમાસી અને ઉના મચ્છુન્દ્રી નદી પરના પુલોની સ્થિતિની સમીક્ષા કરી હતી. પુલોની પ્રત્યક્ષ મુલાકાત દરમિયાન, પ્રભારી સચિવએ સંબંધિત વિભાગના અધિકારીઓને મહત્વના દિશાનિર્દેશો આપ્યા હતા. તેમણે જે માર્ગો અને પુલોના સમારકામનું કામ ચાલી રહ્યું હોય તેને સત્વરે પૂર્ણ કરવા, રોડ-રસ્તાની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કામગીરીનું સતત મોનિટરીંગ કરવા અને નિયમિત સ્થળ નિરીક્ષણ કરવા જેવા સૂચનો કર્યા હતા. આ મુલાકાત દરમિયાન ઉના પ્રાંત અધિકારી કે.આર. પરમાર, નાયબ કલેક્ટર એફ.જે. માકડા, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેર જે.આર. સિતાપરા સહિત રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી સહિત રાજ્યના ૧૨ જિલ્લામાં આજે યલો એલર્ટ જાહેર કરતું હવામાન વિભાગ

ગાંધીનગર,તા.૨૬



રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩૦ જુલાઈ સુધી ૨૭થી વધુ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં આજે રવિવારે હવામાન વિભાગે સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં રેડ એલર્ટ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. ૨૮ જુલાઈએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અને અન્ય ૨૧ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, ખેડા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ભાવનગર, અમરેલી, રાજકોટ, બોટાદ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.

# સુરતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાડી પૂરના કાયમી નિરાકરણની ખાતરી આપી

સુરત,તા.૨૬




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શનિવારે સુરતની મુલાકાતે હતા. પાલિકાની ICCC બિલ્ડિંગમાં તમામ કોર્પોરેટરો સાથે મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં સુરતના મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્યત્વે ખાડી પૂર, ટીપી સ્કીમ (ટાઉન પ્લાનિંગ સ્કીમ) અને જૂની સોસાયટીઓના રિડેવલપમેન્ટ સંબંધિત સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ખાડી પૂરના કાયમી નિરાકરણ માટે ખાતરી આપી હતી અને જણાવ્યું હતું કે સરકાર આ દિશામાં સક્રિયપણે કામ કરશે. આ માટે બોક્સિંગ, સફાઈ અને દબાણ હટાવવા જેવા પગલાં લેવા અંગે પણ ચર્ચા થઈ હતી, જેમાં રાજ્ય સરકાર આર્થિક સહાય પૂરી પાડશે તેમ જણાવાયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં કોર્પોરેટરો સાથે બે તબક્કામાં બેઠકો યોજી હતી. પ્રથમ તબક્કાની બેઠક પૂર્ણ થયા બાદ, તેમણે તાત્કાલિક અન્ય વિસ્તારોના કોર્પોરેટરો સાથે બીજા તબક્કાની બેઠક કરી હતી. મુખ્યમંત્રીએ સ્થાનિક સમસ્યાઓ પર સીધો સંવાદ સાધ્યો હતો.

# ગંભીરા દુર્ઘટનાના પીડિતોને રાહુલ ગાંધીને મળવા ન દેવાતા હોબાળો

આણંદ,તા.૨૬



રાહુલ ગાંધી આણંદના બંધન પાર્ટી પ્લોટમાં એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા. આ દરમિયાન, ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવનાર પીડિત પરિવારોના લગભગ ૧૦ જેટલા લોકો ન્યાયની આશા સાથે ત્યાં પહોંચ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રાહુલ ગાંધીને રૂબરૂ મળીને પોતાની વ્યથા રજૂ કરવાનો અને આ મામલો કેન્દ્ર સરકાર સુધી પહોંચે તે માટે તેમનો અવાજ બુલંદ કરવાનો હતો. જોકે, પોલીસે આ પીડિત પરિવારોને રાહુલ ગાંધીને મળતા અટકાવ્યા હતા. પીડિત પરિવારો અને કોંગ્રેસના સ્થાનિક નેતાઓને પોલીસ સાથે ઉગ્ર રકઝક થઈ હતી. તેમ છતાં, પોલીસે સુરક્ષાના કારણોસર તેમને અંદર પ્રવેશ આપ્યો નહોતો.

# મહીસાગરનાં ખાનપુર પાસે આવેલા ધોધમાં તણાતા બે યુવાનોના મોત, બંને યુવકો રાજસ્થાનના હોવાનું ખૂલ્યુ

મહીસાગર, તા.૨૬



મહીસાગર જિલ્લામાં મોટી દુર્ઘટના ઘટી છે. ખાનપુર પાસે આવેલા ધોધમાં તણાતા ૨ યુવકનાં મોત નિપજ્યા હોવાની પ્રાથમિક માહિતી છે. ઘટનાની જાણ થતાં ખાનપુર પોલીસ અને લુણાવાડા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને યુવકોની શોધખોળ આદરી હતી. મૂળ રાજસ્થાનનાં યુવકોની બાઈક ધોધ પાસેથી મળી આવ્યું છે. ફાયર વિભાગની ટીમને સર્ચ ઓપરેશન દરમિયાન બંને યુવકોનાં મૃતદેહ પણ મળી આવ્યા છે. આ મામલે પોલીસે મૃતદેહોને પીએમ અર્થે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક માહિતી અનુસાર, મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાનાં વાવકુવા ગામ પાસે અડદરી માતાનો ધોધ આવેલો છે. અહીં, ધોધમાં તણાઈ જ ત ા બે યુવાનના મોત નિપજ્યા છે. આ ઘટના અંગે જાણ થતાં ખાનપુર પોલીસ અને લુણાવાડા નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ બનાવ સ્થળે પહોંચી હતી અને યુવકોનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન, ધોધ પાસેથી યુવકોનું બાઈક મળી આવ્યું છે. બાઈક પર રાજસ્થાનની નંબર પ્લેટ હોવાથી બંને યુવક રાજસ્થાનથી આવ્યા હોવાનું જણાયું હતું.

# અમદાવાદમાં ઘરેલુ સિલિન્ડરોમાંથી કોમર્શિયલ સિલિન્ડરોમાં ગેસ ભરવાનું કૌભાંડ ઝડપાયું

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૬

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાંથી ગેસ ચોરીનું એક મોટું કૌભાંડ પકડાયું છે, જેમાં ઘરેલુ ગેસ સિલિન્ડરોમાંથી ગેસ ચોરી કરીને તેને કોમર્શિયલ સિલિન્ડરોમાં ભરવામાં આવતો હતો. સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ થયો છે, અને બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. એસઓજીની તપાસમાં જાણવા મળ્યું કે સરખેજમાં એક પતરાના ગોડાઉનમાં આ ગેરકાયદેસર ગ ે સ ચોરીની પ્રવૃત્તિ ચાલી રહી હતી. આરોપીઓ ઘરેલુ ગેસ સિલિન્ડરોમાંથી ગેસ ચોરી કરીને તેને કોમર્શિયલ સિલિન્ડરોમાં ટ્રાન્સફર કરતા હતા, જેના કારણે ઘરેલુ ગ્રાહકોને ઓછો ગેસ મળતો હતો. આ ગેરરીતિથી ગ્રાહકોની સાથે છેતરપિંડી કરવામાં આવી રહી હતી. એસઓજીની ટીમે ચોક્કસ માહિતીના આધારે સરખેજ વિસ્તારમાં દરોડા પાડ્યા અને રૂ. ૨.૩૨ લાખની કિંમતના ૨૪૧ ગેસ સિલિન્ડરો જપ્ત કર્યા. આ ઓપરેશન દરમિયાન બે આરોપીઓની ધરપકડ કરી હતી.

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે કારમાં થતી દારૂની હેરાફેરી ઝડપી

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૬

રાજકોટ અમદાવાદ હાઈવે પર ખોડિયાર હોટલ નજીક રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ બાતમીના આધારે મોટી કાર્યવાહી હાથ ધરી અને દારૂની હેરાફેરી કરતી એક કાર ઝડપી પાડી હતી. આ કારમાં ખાસ ચોરખાનું બનાવી વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી, જેનો પર્દાફાશ કરી પોલીસે બે શખ્સોને ઝડપી લીધા હતા. આ ઘટનામાં વિદેશી દારૂની બોટલો સહિત કુલ ૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને ગુપ્ત બાતમી મળી હતી કે રાજકોટ-અમદાવાદ હાઈવે પર એક કારમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખોડિયાર હોટલ નજીક ચેકિંગ હાથ ધર્યું. શંકાસ્પદ ગાડીને રોકી તપાસ કરતાં તેમને કારમાં ખાસ રીતે બનાવેલ ચોરખાનું મળી આવ્યું, જેમાં વિદેશી દારૂની બોટલો છુપાવવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં પોલીસે કાર ચાલક ચંદ્રસિંહ ચૌહાણ અને તેની સાથે રહેલા ઈકબાલ સૈયદ નામના બે શખ્સોને ઝડપી લીધા હતા.






# યાત્રાધામ અંબાજીમાં ૪૦ કિલો ચાંદીના દ્વાર, છત્ર અને થાળી સહિત રૂ. ૪૬ લાખની ભેટ

(એચ.એસ.એલ),અંબાજી,તા.૨૬



સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં જગતજનની મા અંબાના ચરણોમાં ભક્તોની શ્રદ્ધા અને ભક્તિનું અનોખું દર્શન થયું છે. તાજેતરમાં અમદાવાદના એક અનામી શ્રદ્ધાળુ પરિવારે અંબાજી મંદિર ટ્રસ્ટને અંદાજિત રૂ. ૪૬ લાખની કિંમતનું ૪૦ કિલો ચાંદીનું દાન અર્પણ કર્યું છે. આ દાનમાં ચાંદીના ભવ્ય દ્વાર, છત્ર અને થાળીનો સમાવેશ થાય છે, જે માતાજીના ચરણોમાં ભક્તિભાવ સાથે ધરાયા છે. અંબાજી મંદિર ટ્રસ્ટના સૂત્રો અનુસાર, આ ભવ્ય દાન અમદાવાદના એક શ્રદ્ધાળુ પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવ્યું છે, જેમણે પોતાની ઓળખ અને ગામ ગુપ્ત રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ દાતા પરિવારે ગબ્બર ગોખના દરવાજા અને ભૈરવજી મંદિરની જાળીના દ્વાર બનાવીને માતાજીને આ અમૂલ્ય ભેટ ધરી છે. આ ચાંદીના દ્વાર, છત્ર અને થાળી મંદિરની શોભામાં વધારો કરશે અને ભક્તોની શ્રદ્ધાને પ્રતિબિંબિત કરશે.

અંબાજી મંદિર ટ્રસ્ટના ટેમ્પલ ઈન્સ્પેક્ટર અને વહીવટદારે વિધિવત્ રીતે આ દાનનો સ્વીકાર કર્યો છે.

# રીબડા ગામે પેટ્રોલ પંપ પર ફાયરિંગની ઘટનામાં રાજકોટ પોલીસની ટીમ યુ.પી. અને મધ્યપ્રદેશ મોકલાઈ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૬




રાજકોટના રિબડા ગામમાં પેટ્રોલ પંપ પર ફાયરિંગની ઘટનામાં એક નવો ખુલાસો થયો છે. જેમાં રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ ફાયરિંગની ઘટના બની હતી. જેમાં શરૂઆતની તપાસમાં રાજકોટના રૈયા સર્કલ સુધી ફાયરિંગ કરનાર જોવા મળ્યા હતા. તપાસ માટે ૨ પોલીસ ટીમો ઉત્તર પ્રદેશ અને ૩ ટીમો મધ્ય પ્રદેશ મોકલવામાં આવી હતી. કુખ્યાત હાર્દિક સિંહ જાડેજાએ ફાયરિંગની જવાબદારી લીધી હતી. તપાસમાં ખુલાસો થયો કે હાર્દિક સિંહે જવાબદારી સ્વીકારી તેવો વીડિયો રાજ્યની બહાર બનાવવામાં આવ્યો હતો. આરોપીઓએ અનિરુદ્ધ સિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર ગોળીબાર કર્યો હતો. ફાયરિંગ કરનારા અને ફાયરિંગ કરાવનારા તમામ આરોપીઓ હાલમાં પોલીસ કસ્ટડીની બહાર છે. ગોંડલના રિબડામાં અનિરુદ્ધ સિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર ફાયરિંગની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. મળતી માહિતી મુજબ, ૨ માસ્ક પહેરેલા શખ્સો બાઈક પર આવ્યા હતા અને અહીં પેટ્રોલ પંપ પર ફાયરિંગ કર્યું હતું. એક રાઉન્ડ ફાયરિંગ થયાની જાણ થઈ છે. જોકે, ફાયરિંગના કારણો શોધવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. તેમજ ફાયરિંગ કરનારા અજાણ્યા વ્યક્તિઓની શોધ શરૂ કરવામાં આવી છે.

# દેવગઢબારિયામાં આવેલી સ્કૂલ દ્વારા આરટીઈના વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલવામાં આવતી હોવાનું ખુલતા ચકચાર

(એચ.એસ.એલ),દેવગઢબારિયા,તા.૨૬

વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સ્તર વધારવા અને પૈસાના અભાવે કોઈ પણ વિદ્યાર્થી સારા અને યોગ્ય શિક્ષણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે, ૨૦૦૯ માં આરટીઈ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ, બધી ખાનગી શાળાઓને તેમની શાળાઓમાં આરટીઈ વિદ્યાર્થીઓને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનું ફરજિયાત છે. દેવગઢબારિયામાં આવેલી રત્નદીપ સ્કૂલે બધી હદ વટાવી દીધી છે. એવું જાણવા મળ્યું છે કે આ શાળા આરટીઈ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી હતી. આવા એક કે બે નહીં, પરંતુ ૮૦ થી વધુ વિદ્યાર્થીઓ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ પોતે સ્વીકાર્યું છે કે આ શાળાએ આરટીઈ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.

મહત્વની વાત તો એ છે કે આ શાળા બીજા કોઈની નહીં પણ છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં શાસન કરી રહેલા ભાજપના નેતાની છે. રત્નદીપ સ્કૂલના ટ્રસ્ટી ધર્મેશ કલાલ ભાજપના નેતા અને દેવગઢબારિયા નગરપાલિકાના પ્રમુખ છે.


